Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૬ મું ] [ અંક ૯ મો

પ્રથમ આષાઢ

ઇ. સ. ૧૯૫૦ ૧૫ મી જુન

વીર સં. ૨૪૭૬ વિક્રમ સં. ૨૦૦૬

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## विषयानुक्रमणिका.


| | | |
|---|---|---|
| ૧. શ્રી આનંદસાગરસૂરીશ્વરજીનું પુણ્ય સ્મરણ | ( શ્રી મગનલાલ મોતીચંદ શાહ ) | ૧૯૩ |
| ૨. कालाय तस्मै नमः ... | ...( શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર' ) | ૧૯૫ |
| ૩. અક્ષર અનક્ષર મીમાંસા ... | ... (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) | ૧૯૬ |
| ૪. ગણધરવાદની પાર્શ્વભૂમિ ... | ( શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર' ) | ૨૦૧ |
| ૫. કર્મવિષયક ગ્રંથોનું નામસામ્ય | ... ( હીરાલાલ ર. કાપડિયા M. A. ) | ૨૦૪ |
| ૬. એકાન્તનો મહિમા ... ... | ( અનુ. અભ્યાસી B. A ) | ૨૦૮ |
| ૭. ગધેડો અને તેની મિથ્યા આશા ... ... | ( શ્રી વેલજીભાઇ ) | ૨૧૦ |
| ૮. સમજ સમજ ફેર જાયગી ... ... ... | ... ( અરજાભાભા ) | ૨૧૧ |
| ૯. વ્યવહાર કૌશલ્યઃ ૨ [ ૨૯૨–૨૯૩ ]... ... ... | ( મૌક્તિક ) | ૨૧૨ |
| ૧૦. સ્વ. શ્રી કાંતિલાલ પ્રતાપશીભાઇ ... ... ... ... | ... | ૨૧૪ |
| ૧૧. સ્વીકાર અને સમાલોચના... ... ... ... ... | ... | ૨૧૫ |


### " પ્રકાશ " સહાયક ફંડ.

ગયા અંકમાં જણાવી ગયા બાદ નીચેની રકમ સહાય તરીકે મળી છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૧૩૫) અગાઉના
૨૫) શ્રી મોરબી તપગચ્છ સંઘ. હ. ડો. વલ્લભદાસ નેણશીભાઇ
૧૬૦)

### હવે પછીનો " પ્રકાશ " નો અંક.

પ્રથમ આષાઢનો આ નવમો અંક પ્રગટ થવા પછી અધિકમાસનો અંક બંધ રહેતા હવે પછીનો દશમો અંક તા. ૧૫ મી ઓગસ્ટ શ્રાવણ શુદિ બીજના રોજ પ્રગટ થશે.

### " શ્રી જૈનધર્મ પ્રકાશ " ના ગ્રાહક બંધુઓને.

## વિજ્ઞપ્તિ.

આપને જણાવવાનું કે આપની પાસે સં. ૨૦૦૫ ની સાલના લવાજમના રૂા. ૧-૧૨-૦ તથા સં. ૨૦૦૬ ની સાલના રૂા. ૩-૪-૦ મળી રૂા. ૫-૦-૦ લવાજમના લેણા રહે છે. " પ્રકાશ " તો ખોટમાં જ ચાલે છે છતાં આ વખતે ભેટબુક તરીકે " પ્રશ્નોત્તર રસધારા " નામની બુક આપવાનું નિર્ણીત કરવામાં આવ્યું છે તો આપની પાસે લેણી પડતી રકમ તથા ભેટ બુકના પોસ્ટેજના બે આના મળી રૂા. ૫-૨-૦ મનીઓર્ડરથી મોકલાવી આપશોજી. જો તા. ૩૦ મી જુન સુધીમાં આપના તરફથી તે રકમ નહીં મળે તો તા. ૧ લી જુલાઇથી આપને ભેટબુક વી. પી. થી રવાના કરવામાં આવશે, તો આપને વી. પી. સ્વીકારી લેવા વિજ્ઞપ્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૬ મું. અંક ૯ મો. : પ્રથમ આષાઢ : વીર સં. ૨૪૭૬ વિ. સં. ૨૦૦૬

## શ્રી આનંદસાગરસૂરીશ્વરજીનું પુણ્યસ્મરણ.

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને–એ રાગ. )

બૂઝાયો દીપક એ દિવ્ય પ્રકાશનો, શ્રી સાગરજી નામ જગે મશહૂર જો;
એ પ્રકાશે સિદ્ધક્ષેત્ર શોભાવીયું, અધિક વધાર્યું સૂર્યપૂરતું નૂર જો. બૂઝાયો० ૧

બાળપણામાં ચારિત્રધારી એ થયા, વૈરાગ્યે વાળ્યાં છે જીવન–વહેણ જો;
કાંત દાંત ને શાંત સુધારસથી ભર્યા; નહીં ઠેલાયાં જીવનનાં કોઈ કહેણ જો. બૂઝાયો० ૨

ષટ્ દર્શનના એ સાચા જ્ઞાતા હતા, દ્રવ્યાનુયોગે વધ્યો આત્મવિકાસ જો;
પામ્યા પદવી "આચાર્ય" ને "સૂરિ"તણી, "આગમદિવાકર" બની કર્યો
પ્રકાશ જો. બૂઝાયો० ૩

સ્થાપી સમિતિ આગમોદ્ધાર કારણે, શોધ્યાં જૂનાં સર્વે પુસ્તક સ્થાન જો;
નિર્મળ બુદ્ધિદ્વારા નવવિધ સાંપડયું, શુદ્ધ કરી મુદ્રણમાં આપ્યું સ્થાન જો. બૂઝાયો० ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન જગતના શ્રેષ્ઠ સુકાની બની, વાળ્યાં છે જનતાનાં હૃદય વહેણુ જો;
સદ્બોધે સમજાવી જૈન સમાજને, અથડાતાં એ કાને આજે કહેણુ જો. બૂઝાયો૦ ૫

સર્વ દર્શનો જોયાં સાત્વિક ભાવથી, જિનાગમમાં આત્મશુદ્ધિનો યોગ જો;
મન બુદ્ધિ ને કાયાથી નિશ્ચય કર્યો, આગમની સેવા એ મોક્ષપ્રયોગ જો. બૂઝાયો૦ ૬

સાગરજીના ગ્રંથો શોભા આપતા, સાહિત્યમાં પાડ્યું અનોખું સ્થાન જો;
છે ગુંથણી વિરલ અભ્યાસીતણી, આજે એતું થઇ રહ્યું બહુમાન જો. બૂઝાયો૦ ૭

શ્રુતજ્ઞાન ભર્યું છે આગમમંદિરે, એ એમનો પ્રબળ સામર્થ્ય યોગ જો;
જે આરાધી તરશે ભવિ જીવો ઘણા, પંચમ કાળે એ શુભ સંયોગ જો. બૂઝાયો૦ ૮

ભાષા સુંદર મન હરતી મૂળ માગધી, વ્યાખ્યાનોમાં આપે અજબ રંગ જો;
પ્રશ્નોના આપેલા સ્ફુટ ઉત્તરો, સાંભળતાં જ્યાં અધિક વધે ઉછરંગ જો. બૂઝાયો૦ ૯

સિદ્ધક્ષેત્રમાં આપી રૂડી "વાંચના" આગમની, એ પરંપરા વિખ્યાત જો;
બુદ્ધિની કુશળતા વૃદ્ધિ પામતાં, સર્વે સ્થાને હવે થયા પ્રખ્યાત જો. બૂઝાયો૦ ૧૦

સમતાના સાગર આ મીઠું બોલતા, મધુરી મધુરી દેતા અદ્‌ભૂત શીખ જો;
શિષ્યોના જીવનમાં શમ રસ રેડતા, તરણતારણ એ સાચા નાવિક જો. બૂઝાયો૦ ૧૧

પ્રતિબોધ્યા છે નાના મોટા રાજવી, જૈન જૈનેતર સમાજમાં બહુ માન જો;
દાન દયાના પ્રવાહો રેલાવીઆ, ધર્મક્ષેત્રમાં જેનું નહિ કાંઈ માપ જો. બૂઝાયો. ૧૨

સાગરને સાગરની ઉપમા ઘટે, ન ઘટે ત્યાં કદી કોઈ ઉપમાન જો;
અનુપમ આ જીવનના ફળને જાણવા, આપો સર્વે આગમને બહુમાન જો. બૂઝાયો૦ ૧૩

શિષ્યો સૌ સંભારે નાયક નેહને, શ્રાવકોને દર્શનનો વિયોગ જો;
અભ્યાસીને સદ્‌ગુરુ પૃચ્છા જતાં, સૌને મનમાં પ્રગટ્યો છે અતિ ક્ષોભ જો બૂઝાયો૦ ૧૪

યાવત્ જીવન અથાગ ઉદ્યોગી રહ્યા, પઠનપાઠન સ્વાધ્યાય ભરપૂર જો;
ધર્મના ધોરી આ સાચા સંતનું, સ્મરણ કરતાં કર્મ થાય સહુ દૂર જો. બૂઝાયો૦ ૧૫

**મગનલાલ મોતીચંદ શાહ-વઢવાણ કેમ્પ.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कालाय तस्मै नमः ।

(ઉપજાતિ.)

હો કાળ! તારા ચરણે નમું છું, અપૂર્વ તારા ગુણ હું સ્તવું છું;
તું ભૂત ને સાંપ્રત વા ભવિષ્યે, અસ્તિત્વ ધારી ગુણ સંનિવેષે. ૧
તને નથી બંધન કોઈ વ્હાલું, સનાતનત્વે તુજ નામ ઝાલું;
પ્રદેશથી બાધિત વસ્તુજાત, તને નથી કોઇ પ્રદેશ જ્ઞાત. ૨
સ્વતંત્ર તૂં છે અવધિ વિનાનો, ગણી શકે ના તુજને પ્રમાણો;
આરંભ દેખ નહીં કોઇ તારો, ન અંત દેખે કદિ કો અનેરો. ૩
હતો અને છે વળી રહેવાનો, મૃત્યુ ન તારું કદીએ થવાતું;
તારા સમીપે સહુ તુચ્છ દીસે, સામ્રાજ્ય તારું સહુ વિશ્વમાં છે. ૪
તેં કેઈ સામ્રાજ્ય ઊભા કર્યા છે, ને ધૂળ ભેગા કરી તેં દીધા છે;
ઉન્મત્ત ગર્વોદ્ધત કેઇ રાજા, કર્યા હરી ગર્વ જ નર્કભાજા. ૫
અહંપદે જે નિજને અજિંક્ય, ગણે ગુણાબ્ધી પ્રતપે અસંખ્ય;
દાઢા મહી તે ચગદાઇ મૂવા, તારા પ્રતાપે કૃમિ કીટ જેવા. ૬
અપંડિતો ને શુચિ બુદ્ધિધારી, બાલો તથા વૃદ્ધ વિચારકારી;
તારા સમીપે મણુકા ગણાય, સહુતણી એક જ માળ થાય. ૭
તેં કેઇ તીર્થંકર સિદ્ધ જોયા, પાપી અને દુર્મતિ નીચ આયા;
થયા સહુ ચૂર્ણ અનેક જીવ, તારા પ્રતાપે અગણિત ભાવ. ૮
તને ગણાવા ઉદયાસ્ત દેખે, ઋતુતણા માપ ગણીત લેખે;
એ માપ તારું અતિ તુચ્છ માન, અલ્પાંશ ના હોય કદી પ્રમાણ. ૯
તારાતણી કોઈ ગતિ ગણાવે, પ્રમાણ તારું ગણવા કરાવે;
પરંતુ એ તુચ્છ પ્રયત્ન થાય, એ સર્વ બાલોચિત તે ગણાય. ૧૦
પ્રકાશનો વેગ ગણી કહે છે, પ્રકાશ વર્ષો ગણના કરે છે;
પ્રયત્ન અલ્પજ્ઞતણો ગણાય, કદી ન તારી ગણના કરાય. ૧૧
અગણ્ય ને અક્ષય નિત્ય તૂં છે, ગણી તને ધન્ય સ્વયં ગણે છે;
ગણે ગણાવે તુજને ત્વરાથી, અગણ્યને કેમ ગણાય તેથી. ૧૨
પલ્યોપમા સાગર માપ માન, અત્યલ્પ દીસે પણ એ પ્રમાણ;
તારો ન પામે નર કોઇ પાર, કરે જુવો મુગ્ધ વિચાર સાર. ૧૩
તૂં સંધિ કાળે દિનરાત ચાલે, દરેક પ્રાણી શિર તૂંજ મ્હાલે;
તને ન ટાળે જગમાંહી કોઇ, તૂં જાગતો નિત્ય રહે જ જોઇ. ૧૪
તને ગુમાવે નિજને ફસાવે, ગયો કદી તૂં ફરી કો'દિ નાવે;
માટે સદા જાગ કદી ન ઉંઘ, જ્ઞાની કહે નિત્ય રહે સજાગ. ૧૫
પ્રમાદથી જે તુજને ગુમાવે, મનુષ્યનો જન્મ જ વ્યર્થ થાવે;
બાલેંદુની ચિત્ત ધરી વિનંતિ, રહો સદા જાગૃત એહ નીતિ. ૧૬

"સાહિત્યચંદ્ર" બાલચંદ હીરાચંદ—માલેગામ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'અક્ષર-અનક્ષર મીમાંસા'

લેખક—આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

ન ખરે, ન ખસે, ન નાશ પામે તે અક્ષર અને ખરી પડે, ખસી જાય, નાશ પામે તે ક્ષર કહેવાય છે. જગતની કોઇ પણ વસ્તુ પોતાનાથી વિપરીત સ્વભાવવાળી વસ્તુની અપેક્ષા રાખ્યા વગર પોતાનું અસ્તિત્વ જાળવી શકતી નથી, અર્થાત્ પોતાની હયાતી રાખી શકતી નથી. વિવિધતા સિવાય જગત એકરૂપે હોઇ શકતું નથી. વિવિધતા ભિન્ન ભિન્ન સ્વભાવોને લઇને જ હોઇ શકે છે. સ્વભાવભેદ વસ્તુના ભેદનું પ્રધાન કારણ છે. વસ્તુમાત્રમાં ભાવ અક્ષરરૂપે રહે છે અને સ્વભાવ ક્ષરરૂપે રહે છે. ક્ષરની અપેક્ષાથી અક્ષર અને અક્ષરની અપેક્ષાથી ક્ષર કહેવાય છે, માટે જ જગતને સાપેક્ષ દૃષ્ટિથી જોવાથી તેનું સાચું સ્વરૂપ જણાય છે. બાહ્ય દૃષ્ટિથી જગતનું જે સ્વરૂપ જણાય છે તે અંતર્દૃષ્ટિથી. ભિન્ન પ્રકારનું છે. જો કે બાહ્ય જગત તથા અંતર્જગત બીજ તથા અંકુરની જેમ નામ તથા સ્વરૂપમાં ભેદ રાખે છે છતાં તે પ્રકૃતિ તથા વિકૃતિસ્વરૂપ એક જ વસ્તુના અંશો છે. એટલે એકને છોડીને બીજું રહી શકતું નથી, પણ મુખ્ય તથા ગૌણપણે રહે છે. જ્યારે પ્રકૃતિને પ્રધાનતા આપવામાં આવે છે ત્યારે વિકૃતિ ગૌણપણે અને વિકૃતિની પ્રધાનતામાં પ્રકૃતિ ગૌણ રહે છે. અને તેથી કરીને જ અક્ષર તથા ક્ષર એક જ વસ્તુના બે અંશો છે. જે ક્ષર છે તે જ અક્ષર છે અને જે અક્ષર છે તે જ ક્ષર છે, પણ બંને એક બીજાથી સર્વથા ભિન્ન વસ્તુ નથી. દેખીતી રીતે ભિન્ન સ્વભાવવાળા હોવા છતાં પણ ક્ષર તથા અક્ષર એક જ વસ્તુના ધર્મો છે. જો કે સામાન્ય બુદ્ધિથી વિચાર કરતાં એમ સમજાય છે કે-જે ક્ષર હોય તે અક્ષર કેવી રીતે હોઇ શકે અને જે અક્ષર હોય તે ક્ષર કેવી રીતે હોઇ શકે ? પણ જ્યારે વસ્તુસ્થિતિનો વિચાર કરીએ છીએ ત્યારે સર્વથા ભિન્નતા બંનેમાં ઘટી શકતી નથી. બંનેને સર્વથા જુદા પાડીએ તો દેખાતું જગત હોઇ શકે જ નહિં, શૂન્યતા જ હોવી જોઇએ પણ વિવિધ પ્રકારના ભાવોથી ભરેલા દૃષ્ટિગોચર થતા જગતને શૂન્ય કેવી રીતે કહેવાય ? માટે જ પ્રત્યેક વસ્તુમાં ભિન્ન સ્વભાવને ધારણ કરવાવાળા અનેક ધર્મો રહેલા છે એમ માનવું જ પડે છે.

સંસારની વસ્તુમાત્રમાં સત્તા રહેલી છે, સત્તાશૂન્ય કોઇ પણ વસ્તુ નથી. જેને અસત્ કહેવામાં આવે છે તેમાં પણ સત્તા તો હોય જ છે. અસત્ વસ્તુની સિદ્ધિમાં સસલાના શિંગડાને કે આકાશકુસુમને ઉદાહરણ તરીકે વાપરવામાં આવે છે, તે પણ સત્સ્વરૂપે જ હોય છે. જેની સત્તા નથી એવી કોઈ પણ વસ્તુ જ નથી. માટીના પિંડમાં ઘડાના અભાવને પ્રાગભાવ માનવામાં આવે છે તે સત્સ્વરૂપ હોય છે. ઘડો ભાંગી ગયા પછી પ્રધ્વંસાભાવ કહેવાય છે તે પણ સત્સ્વરૂપ છે, ઘટમાં વસ્ત્રનો અને વસ્ત્રમાં ઘટનો જે અભાવ કહેવાય છે તે પણ સત્તાશૂન્ય તો નથી જ. ત્રણે કાળમાં અભાવ કે જેને અત્યંતાભાવ કહેવામાં આવે છે તે અસંભવિત છે; કારણ કે સત્તાશૂન્ય અસત્ જેવી કોઇ વસ્તુ જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. નિરપેક્ષ અસતને સત્ અને સત્‌ને અસત્ કહી શકાય નહિ. જે વસ્તુને અસત્ કહેવામાં આવે છે તે પરસ્વરૂપથી હોઇ શકે છે પણ સ્વસ્વરૂપથી તો તે સત્ જ હોય છે. માટીનો પિંડ અને ત્યાર પછીની સ્થાસ–કોશ–કુશૂલ–કપાલ તથા ઘટ આદિ અવસ્થાઓમાં સત્ કાયમ રહે છે. ક્રમથી થવાવાળી દરેક અવસ્થાઓ સત્તાશૂન્ય હોતી નથી, દરેક અવસ્થામાં અસ્તિ–છે શબ્દ વપરાય છે. જેમકે–પિંડ છે, સ્થાસ છે, એવી જ રીતે ઘટ છે એમ કહેવાશે પણ નથી–એમ નહિં કહેવાય. અને જ્યાં નથી એમ કહેવાય છે ત્યાં પૂર્વની અથવા પછીની અવસ્થાની, અથવા તો બીજી કોઇ ભિન્ન વસ્તુની અવસ્થાની અપેક્ષા રાખીને કહેવામાં આવે છે. જેમકે–કપાલ, પિંડ નથી, ઘડો નથી; પણ કપાલ છે. તેમ જ ઘડો વસ્ત્ર નથી અને વસ્ત્ર ઘડો નથી; પણ ઘડો, ઘડો છે અને વસ્ત્ર વસ્ત્ર છે. આવી જ રીતે વસ્તુમાત્રમાં સત્તા રહેલી છે, સત્તા વગરની વસ્તુ તે અવસ્તુ છે.

સત્તા ત્રણે કાળમાં રહેવાવાળી છે, ગમે તેટલી અવસ્થાઓ બદલાય તો યે સત્તા કાયમ રહે છે, છતાં તે ઉત્પત્તિ તથા વિનાશવાળી છે. જો એમ માનવામાં ન આવે તો જગત્ એક સ્વરૂપવાળું થઇ જાય અને તેમ થાય તો પછી અનેક રૂપે દેખાતા જગત જેવું કશું ય હોઇ શકે જ નહિ, તેથી શૂન્યવાદનો પ્રસંગ ઉપસ્થિત થાય માટે જ માનવું પડે છે કે–ઉત્પત્તિ તથા વિનાશ સત્તાના જ અંશો છે અને તેમ હોવાથી જ ઉત્પત્તિ, વિનાશ તથા સ્થિરતા આ ત્રણ સ્વભાવસ્વરૂપ સત્ (સત્તા) કહેવાય છે, ઉત્પત્તિ આદિ ત્રણે સ્વભાવ સ્વતંત્રપણે (અનુપચારિક) સતમાં સાથે જ રહે છે. આ ત્રણમાંથી એક પણ ન હોય તો સત જેવું કાંઇ પણ હોઇ શકતું જ નથી.

જે સત્ છે તે દ્રવ્યના નામથી ઓળખાય છે, અર્થાત્ જે સત્ છે તે જ દ્રવ્ય છે અને તેમાં જ ઉત્પત્તિ, વિનાશ તથા સ્થિરતા આ ત્રણે અંશો રહેલા છે. આ ત્રણ સ્વભાવરૂપ અંશોવાળું દ્રવ્ય છે. ઉત્પત્તિ તથા વિનાશરૂપ અંશો–પર્યાય તરીકે ઓળખાય છે . અને. સ્થિર અંશોને દ્રવ્ય કહેવામાં આવે છે, કે જેનો અક્ષર પણ સંકેત રાખવામાં આવ્યો છે. અર્થાત્ વસ્તુમાં સ્થિર અંશરૂપી દ્રવ્ય તે અક્ષર અને ઉત્પત્તિ વિનાશ અંશત્વ પર્યાય તે ક્ષરના સંકેતને ધારણ કરે છે; માટે વસ્તુમાત્ર અક્ષર તથા ક્ષરસ્વરૂપ છે. જો કે પ્રત્યેક ક્ષણે ઉત્પત્તિ તથા વિનાશ દરેક વસ્તુમાં થયા કરે છે તો પણ ત્યાં સ્થિરતાનો અંશ કે જેને દ્રવ્ય કહેવામાં આવે છે તે પણ ત્યાં રહે જ છે, અને તેથા ઉત્પત્તિ–વિનાશના કોઇ પણ ક્ષણમાં વસ્તુ (દ્રવ્ય) માનવી જ પડે છે. તાત્પર્ય કે–દ્રવ્ય સિવાય નિર્મૂળ ઉત્પત્તિ, વિનાશ હોઈ શકે જ નહિ. જે ક્ષણે ઉત્પત્તિ અથવા તો વિનાશ થાય છે તે ક્ષણે કોની ઉત્પત્તિ તથા વિનાશ થયો? એમ પૂછવામાં આવે તો કહેવું પડશે કે અમુક વસ્તુ(દ્રવ્ય)નો અને એટલા માટે જ અવસ્થા–પર્યાય બદલાય છે, પણ અવસ્થાવાળું દ્રવ્ય તો કાયમ રહે છે. જે પર્યાય બદલાય છે તે કોઈ ને કોઈ વસ્તુ(દ્રવ્ય)ના નામથી ઓળખાય છે. તેથી દ્રવ્ય મૂળ–પ્રકૃતિ છે અને પર્યાય વિકૃતિ છે અને તેથા જ વિકૃતિ સ્વરૂપ પર્યાયનું મૂળ પ્રકૃતિસ્વરૂપ દ્રવ્ય છે, એટલે જ પર્યાયથી ભિન્ન દ્રવ્ય નથી અને દ્રવ્યથી ભિન્ન પર્યાય નથી. દ્રવ્યને છોડીને સર્વથા ભિન્ન પર્યાય રહી શકતા જ નથી. જ્યાં પર્યાય રહે છે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ અવસ્થાસ્વરૂપ પર્યાય કોઈ ને કોઇ દ્રવ્યના નામથી જ ઓળખાશે પણ અમુક અમુક અવસ્થા–પર્યાય દ્રવ્ય ( વસ્તુ ) નથી એમ નહિં કહેવાય પણ અમુક વસ્તુની આ અવસ્થા છે એમ કહેવાય છે તેમજ અમુક વસ્તુ ( દ્રવ્ય ) અવસ્થા–પર્યાય નથી એમ પણ નહિં કહેવાય; કારણ કે કોઇ પણ ક્ષણે કોઇ પણ વસ્તુ જોઇશું તો તે કોઇ પણ અવસ્થા-( પર્યાય )રૂપે જ જણાશે કે જેને આપણે કાર્યને અનુસરીને કોઇ પણ વસ્તુ( દ્રવ્ય )ના નામથી ઓળખીશું, માટે જ જે દ્રવ્ય છે તે પર્યાય છે અને જે પર્યાય છે તે દ્રવ્ય છે પણ બંને સર્વથા ભિન્ન નથી, માત્ર કાર્યકારણ ભાવની અપેક્ષાથી ભિન્ન છે, દ્રવ્ય કારણ છે અને પર્યાય કાર્ય છે, બાકી તો દ્રવ્ય તથા પર્યાયનું એક જ અધિકરણ ( આધાર ) હોવાથી અભિન્ન છે અને તેથી જે અક્ષર છે તે ક્ષર છે અને જે ક્ષર છે તે અક્ષર છે. વસ્તુમાત્ર ક્ષર છે અને અક્ષર પણ છે.

અનેક પર્યાયોનો સમૂહ તે દ્રવ્ય અથવા તો અનેક પર્યાયોનો આધાર દ્રવ્ય કહેવાય છે. અનેક પર્યાયો દ્રવ્યશૂન્ય રહી શકતા નથી માટે જેટલા પર્યાયો હોય છે, દ્રવ્ય પણ તેટલાં જ હોય છે; અર્થાત્ અનેક પર્યાયો અનેક દ્રવ્યના નામથી ઓળખાય છે, અને તેથી પર્યાય ભેદે દ્રવ્યનો ભેદ પડે છે. જેમકે અનેક તાંતણા તે અનેક તંતુ દ્રવ્ય છે અને અનેક તાંતણાના સમૂહરૂપ પટ–વસ્ત્ર તે એક દ્રવ્ય છે. તાંતણાઓ તંતુરૂપ દ્રવ્ય કહેવાય છે અને આતાન–વિતાન( તાણા–વાણા )ની ક્રિયાથી સમૂહરૂપે એકત્રિત થયેલા તંતુ પટ દ્રવ્ય કહેવાય છે, માટે જ તંતુમાં પટ રહે છે અને પટમાં તંતુ રહે છે, તંતુની અપેક્ષા પટ પર્યાય છે અને તંતુ દ્રવ્ય છે ત્યારે પટની અપેક્ષાએ તંતુ પર્યાય છે અને પટ દ્રવ્ય છે. નિરાધાર કોઇ પણ પર્યાય હોઇ શકે જ નહિં અને તેથી જ દ્રવ્ય આધાર છે અને પર્યાય આધેય છે. પ્રત્યેક ક્ષણે બદલાઇને અનેક સ્વરૂપ ધારણ કરવાવાળા પર્યાયો ભિન્ન–ભિન્ન દ્રવ્યોના નામથી ઓળખાય છે; કારણ કે તે સર્વ પર્યાયો ભાવસ્વરૂપ છે અને જે ભાવ છે તે જ સત્ છે કે જેને દ્રવ્ય કહેવામાં આવે છે. વૃદ્ધ, સ્ત્રી, જોગી આદિ અનેક અવસ્થાને ધારણ કરનાર બહુરૂપી એક વ્યક્તિ હોઇને ભિન્ન ભિન્ન રૂપોની અવસ્થાથી ભિન્ન ભિન્ન વ્યકિત તરીકે ઓળખાય છે, ધારણ કરેલી અવસ્થાવાળી વ્યકિતના સંકેત ધારણ કરે છે, માત્ર અવસ્થાથી કોઇ ઓળખતું નથી. કોટ–પાટલૂન–અંગરખું–ખમીસ–ટોપા આદિ અનેક અવસ્થાને ધારણ કરનાર વસ્ત્ર ધારણ કરેલી ભિન્ન ભિન્ન અવસ્થાના આધારભૂત કોટ–અંગરખું આદિ વસ્તુ( દ્રવ્ય )ના નામથી ઓળખાય છે પણ તાંતણા કે વસ્ત્રના નામથી ઓળખાતું નથી. આધારભૂત મૂળ દ્રવ્ય એક હોવા છતાં પણ પર્યાયદૃષ્ટિથી તે અનેક દ્રવ્ય-રૂપે જણાય છે. ભિન્ન ભિન્ન પર્યાયોમાં અર્થક્રિયાના ભેદને લઇને ભિન્ન ભિન્ન દ્રવ્યોના સંકેતથી ઓળખવામાં આવે છે.

માનવ જગત દુનિયાને પર્યાયની દૃષ્ટિથી જોતું નથી પણ વસ્તુ ( દ્રવ્ય ) તરીકે ઓળખે છે. સ્થૂલ દૃષ્ટિથી એક જ વસ્તુથી બનેલી અનેક વસ્તુઓને સર્વથા ભિન્ન ભિન્ન વસ્તુ તરીકે માને છે; કારણ કે એક જ દ્રવ્યની બનેલી અનેક વસ્તુઓ ભિન્ન ભિન્ન અનેક કાર્યોમાં વપરાય છે. એક વસ્તુમાંથી બનેલી પાંચ વસ્તુઓ પરસ્પર એક બીજાનું કામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી શકતી નથી. જેમકે-માટીરૂપ એક જ દ્રવ્યમાંથી બનેલા ઇંટ-નળીયું-ઘડો-તાવડી-ગોળો આદિ વસ્તુઓ ભિન્ન ભિન્ન કામોમાં ઉપયોગી થતી હોવાથી ભિન્ન ભિન્ન વસ્તુ માનવામાં આવે છે. ભીંતો ચણવામાં ઇંટો કામ આવે છે અને છાપરું ઢાંકવામાં નળીયાં કામ આવે છે. પાણી ભરવામાં ઘડો કામ આવે છે અને રોટલા શેકવામાં તાવડી કામ આવે છે, પણ ઇંટોથી છાપરૂં ઢંકાય નહિં અને નળીયાથી ભીંતો ચણાય નહિં. ઘડાથી રોટલા શેકાય નહિં અને તાવડીથી પાણી ભરાય નહિં. આ પ્રમાણે એક જ દ્રવ્યના ભિન્ન ભિન્ન પર્યાયો ભિન્ન ભિન્ન અર્થક્રિયા કરતા હોવાથી ભિન્ન ભિન્ન વસ્તુ (દ્રવ્ય) તરીકે દુનિયા ઓળખે છે.

વસ્તુમાત્રમાં જે અનંત ધર્મ કહેલા છે તે પર્યાયોની અપેક્ષાથી જ છે, એક જ પર્યાય બે ક્ષણ સ્થિર રહી શકે નહિ. દરેક ક્ષણે બદલાયા કરે છે, દ્રવ્ય સ્થિર રહે છે; કારણ કે દ્રવ્ય પોતે આધાર હોવાથી પરિવર્તનશીલ નથી. પણ પર્યાય બદલાય છે અર્થાત્ અવસ્થા બદલાય છે પણ અવસ્થાવાળો બદલાતો નથી પણ અવસ્થાવાળું દ્રવ્ય ભિન્ન સંકેતને ધારણ કરે છે; કારણ કે ભિન્ન અવસ્થાની ક્રિયા પણ ભિન્ન થાય છે, તેથી દ્રવ્યનો સંકેત પણ બદલાઇ જાય છે. મૂળ વસ્તુ હોય કે અવસ્થાંતરને પ્રાપ્ત થયેલી વસ્તુ હોય, દરેકમાં અનંત ધર્મ રહે છે, અનંત ધર્મના આધારભૂત ધર્મી પણ અનંતા છે, અને તે મુખ્ય ધર્મીમાં ગૌણપણે રહે છે. તો યે કેટલાક મુખ્ય ધર્મીનો સંકેત બદલાતો નથી. જ્યાં સુધી મુખ્ય ધર્મીની અવસ્થા સર્વથા પરિણામાંતર થતી નથી ત્યાં સુધી અનેક પર્યાયોનું પરિવર્તન થઇને ભિન્ન પર્યાયો (વસ્તુ) થવા છતાં પણ મુખ્ય વસ્તુના સંકેતપૂર્વક જ ભિન્ન સંકેતરૂપે ઓળખાશે. જેમકે-એક હજાર તાંતણાના વસ્ત્રમાંથી એક તાંતણો નિકળી જાય તો તે અવસ્થાંતરને પ્રાપ્ત થાય છે અને તેના આધારભૂત અવસ્થાવાળું દ્રવ્ય પણ ભિન્ન અર્થક્રિયાને અનુસરીને ભિન્ન થાય છે, આ અર્થક્રિયાની ભિન્નતા દિગ્-દેશ-કાળની અપેક્ષાથી થાય છે કે જે ભાવની ભિન્નતાનું કારણ બને છે, અને તે સૂક્ષ્મ પરિણામ-પરિવર્તન સ્થૂળબુદ્ધિથી ગ્રાહ્ય થઇ શકતું નથી તેથી તે પૂર્વના વસ્ત્રના સંકેતથી ઓળખાય છે. અર્થાત્ વસ્ત્રનો સંકેત બદલાતો નથી. આવી જ રીતે બે-ત્રણ-ચાર આદિ તાંતણાઓ ન્યૂન થવા છતાં પણ તે વસ્ત્ર જ કહેવાય છે. છેવટે તેના બે ટૂકડા કરવામાં આવે તોપણ તે વસ્ત્ર કહેવાય છે અથવા તો ગૌણ દ્રવ્યપણે રૂમાલ પણ કહેવાય છે. રૂમાલ જેટલા કાર્યોમાં વપરાય છે તે બધાય ધર્મો મુખ્યપણે રૂમાલના અને ગૌણપણે વસ્ત્રના કહેવાય છે. શરીર ઢાંકવામાં-પહેરવામાં-ઓઢવામાં વસ્ત્ર કામ આવે છે, રૂમાલ કામ આવતો નથી. અર્થાત રૂમાલનું કામ વસ્ત્ર કરે નહિં અને વસ્ત્રનું કામ રૂમાલ કરે નહિં, કારણ કે બંને ભિન્ન દ્રવ્યો છે. જ્યારે વસ્ત્રનો દરેક તાંતણો છૂટો પડી જાય છે ત્યારે તે મુખ્ય દ્રવ્ય વસ્ત્રનો સંકેત ધારણ ન કરતાં તાંતણા કહેવાય છે. વસ્ત્રપણામાં પહેલાંના તંતુઓ વસ્ત્રની અપેક્ષાથી દ્રવ્ય કહેવાય છે અને વસ્ત્ર પર્યાય કહેવાય છે અને પટમાંથી છૂટા પડેલા તાંતણા પર્યાય કહેવાય છે અને વસ્ત્ર દ્રવ્ય કહેવાય છે, અર્થાત્ વસ્ત્રની પૂર્વાવસ્થારૂપ તંતુ તે પરિણામી દ્રવ્ય અને પર અવસ્થાના તાંતણા તે પરિણામરૂપ દ્રવ્ય કહેવાય છે; પણ વસ્ત્ર બળીને ભસ્મ થાય છે ત્યારે અર્થાત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્ત્ર રાખોડીના રૂપમાં પરિણમે છે ત્યારે મુખ્ય કે ગૌણપણે વસ્ત્ર કહી શકાય નહિં પણ ભસ્મ રૂપ દ્રવ્ય કહી શકાય અને તે વસ્ત્રના ધર્મોથી ભિન્ન અનેક ધર્મોના આધારભૂત હોય છે; કારણ કે તેની અર્થક્રિયા વસ્ત્રની ક્રિયાથી ભિન્ન હોય છે.

સંસાર, અચેતન તથા ચેતન સ્વરૂપ જીવ તથા અજીવ એમ બે દ્રવ્યના પરિણામ-સ્વરૂપ છે, અર્થાત્ તાત્વિકદૃષ્ટિથી વિચાર કરીએ તો જીવ અને અજીવ એમ મૂળ દ્રવ્યો બે જ છે. જેટલી વિવિધતા તથા વિચિત્રતા જણાય છે તે બંને દ્રવ્યોના પરિણામરૂપ છે. પુદ્ગલસ્વરૂપ અચેતન અજીવ દ્રવ્યના પરિણામથી અથવા તો અરૂપી-ચેતનસ્વરૂપ જીવ દ્રવ્યની સાથે થયેલા પુદ્ગલ દ્રવ્યના સંયોગી પરિણામથી અનેક ધર્મો આશ્રિત ધર્મોવાળી દુનિયા દૃષ્ટિગોચર થઇ રહી છે. દ્રવ્યોમાં સ્વતઃ તથા પરતઃ પરિણમન થાય છે, અરૂપી દ્રવ્યોમાં પરતઃ અને રૂપી દ્રવ્યોમાં સ્વતઃ પરિણમન હોય છે. સ્વતંત્રપણે શુદ્ધ જીવદ્રવ્ય અરૂપી અને અજીવદ્રવ્ય રૂપી તથા અરૂપી પણ છે. પુદ્ગલ સંયોગી જીવ તથા પુદ્ગલ રૂપી અજીવ દ્રવ્યની પ્રવૃત્તિ-નિવૃત્તિમાં ધર્મ, અધર્મ તથા આકાશ આ ત્રણ અજીવ દ્રવ્યો સહાયક તરીકે છે, અને તેથી પાંચ મૂળ દ્રવ્યો છે કે જેને લઇને પંચાસ્તિકાયમય લોક કહેવાય છે. ધર્માસ્તિકાયાદિ ત્રણ અરૂપી અજીવ દ્રવ્યમાં પરિણમન જીવ તથા પુદ્ગલના સંયોગથી થતું હોવાથી તે પરતઃ પરિણમન કહેવાય છે. અને પુદ્ગલ દ્રવ્યમાં અન્ય વિજાતીય દ્રવ્યના સંયોગ વગર પણ પરિણમન થાય છે માટે તે સ્વતઃ પરિણમન કહેવાય છે. અરૂપી જીવ દ્રવ્યમાં અન્ય રૂપી તથા અરૂપી દ્રવ્યના સંયોગથી પરિણમન થાય છે તેથી તે પણ પરતઃ પરિણમન છે. અવસ્થા માત્ર પરિણામ છે અને તે પર્યાયના નામથી ઓળખાય છે. પરિણામ જેના થાય છે તે પરિણામી કહેવાય છે કે જેને દ્રવ્ય પણ કહેવામાં આવે છે. અર્થાત્ પરિણામી તે દ્રવ્ય અને પરિણામ તે પર્યાય. આ બંને પરિણામી તથા પરિણામ ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે. પરંતુ સર્વથા ભિન્ન નથી. જેમકે-દૂધનું પરિણામ દહિં, દહિંનું પરિણામ માખણ અને માખણનું પરિણામ ઘી. આ પ્રમાણે પરિણામની અપેક્ષાથી પરિણામી ભિન્ન છે; પણ પરિણામી દૂધની અપેક્ષાથી અભિન્ન છે. પરિણામ પરિણામીસ્વરૂપ છે અને એટલા માટે જ જેટલા પરિણામ છે તેટલા ભિન્ન દ્રવ્યોના સંકેત છે. પરિણામી મૂલ દ્રવ્ય દૂધ તેના ઉત્તરોત્તર પરિણામ દ્રવ્ય, દહિં, માખણ અને ઘી કહેવાય છે. મૂળ પરિણામી દ્રવ્ય શુદ્ધ હોય છે અને અવાંતર પરિણામી દ્રવ્ય તથા પરિણામ સ્વરૂપ દ્રવ્ય અશુદ્ધ છે. જે દ્રવ્ય કોઇ પણ દ્રવ્યના પરિણામસ્વરૂપ ન હોય તે તાત્ત્વિક મૂળ પરિણામી દ્રવ્ય કહેવાય છે અને સર્વથા પરિણામાંતરને પામેલા પરિણામને અવાંતર પરિણામી દ્રવ્ય કહેવામાં આવે છે. અને જ્યાં સુધી જે દ્રવ્ય સર્વથા પરિણામાંતર પામે નહિં ત્યાં સુધીના પરિણામો પરિણામ દ્રવ્ય કહેવાય છે. મૂળ પરિણામી દ્રવ્ય તાત્ત્વિક અક્ષર છે અને અવાંતર પરિણામી દ્રવ્ય અતાત્ત્વિક અક્ષર છે અને જે પરિણામો ( પર્યાયો ) છે તે મૂળ દ્રવ્યના હોય કે અવાંતર દ્રવ્યના હોય તે ક્ષર કહેવાય છે. તાત્પર્ય કે પરિણામી અક્ષર છે અને પરિણામ ક્ષર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગણુધરવાદની પાર્શ્વભૂમિ.

( લેખકઃ—" સાહિત્યચંદ્ર " બાલચંદ હીરાચંદ,-માલેગામ )

પ્રભુ મહાવીરના સમવસરણુમાં ઇંદ્રભૂતિ વાદ કરવાના હેતુથી પ્રવેશ કરે છે. ચર્ચા, વાદવિવાદ કરી જયપતાકા મેળવી સર્વજ્ઞપણાનું બિરુદ મેળવવાની તેમની અભિલાષા હતી. ઇંદ્રભૂતિની ઇચ્છા ગમે તે હોય પણ પ્રભુ મહાવીરના મનમાં તેમનો લેશ પણ ન હતો અર્થાત્ વાદપટુતા બતાવી મોટો જય ડંકો વગાડવાનો પ્રભુ માટે પ્રશ્ન જ ન હતો. સ્થૂલ ઔદારિક શરીરની પેઠે જ તેજસ કાર્મણ શરીરમાં અને તે મનોભૂમિકા ઉપર તેમનો જ્ઞાનનો વિલાસ ચાલી રહેલો હતો. દ્રવ્ય મન અને ભાવ મનમાં તેમનું જ્ઞાન ઓતપ્રોત હતું. બુદ્ધિનું ક્ષેત્ર તેમની આગળ ખુલ્લું હતું. સ્થૂલ દેહથી અને ઇંદ્રિયોની સહાયથી તેઓ જાણી શકતા હતા. તેટલું જ બીજા ઊંચા શરીરોમાં પણ તેમનો પ્રવેશ સુલભ હતો. ચર્મ નયન કરતા દિવ્ય નયન તેમના વધુ તીવ્ર અને મૂલગ્રાહી હતા. ઇંદ્રભૂતિના તો શું પણ આખા વિશ્વમાં સૂક્ષ્મ સૃષ્ટિમાં તેમજ સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ સૃષ્ટિની ઝીણામાં ઝીણી હીલચાલો તેઓની સામે હસ્તામલકવત્ પ્રત્યક્ષ હતી. ઇંદ્રભૂતિના મનોભૂમિકા ઉપર શું ગડમથલ ચાલી રહેલી છે, શું ઉહાપોહ થઈ રહેલો છે, શંકાને લીધે શું બાંધછોડ ચાલી રહેલી છે એ પ્રભુ સાક્ષાત જોઇ રહેલા હતા. તેમજ પ્રભુ સાક્ષાત્ જોઇ રહેલા હતા કે પોતાનો સચ્છિષ્ય, પોતાનો અનુગામી, પોતાનો વિશ્વસ્ત અને પોતાનો દીપક આગળ પ્રગટાવી તેનું તેજ ચાલુ રાખનારો મહાન્ આત્મા પોતાની આગળ આવી ઊભો છે. એક આવરણુ છે. સંશયની છાયા પડેલી છે અને અંધકારનો ભાસ એની આગળ ઊભો છે. જરા પડદો દૂર ખસેડું અને તે પ્રકાશ જ પ્રકાશ જોશે. મહાન્ કૃપાળુ દયાધન પ્રભુએ ઇંદ્રભૂતિને ઓળખી લીધા. ઇંદ્રભૂતિનો મિથ્યાત્વનો કાળ પૂરો થઇ ગયો જાણી પ્રભુએ અત્યંત સુકોમળ અને આશ્વાસક વાણીથી ઘણા દિવસની ઓળખાણુ હોય તેમ ઇંદ્રભૂતિને તેના ગોત્રોચ્ચારનું નામ દઈ બોલાવ્યા. પોતાનો ઇષ્ટ શિષ્ય આવ્યો એમ જાણી પ્રભુને સંતોષ થએલો હોવો જોઇએ.

ઇંદ્રભૂતિ ગૌતમ વાદવિવાદનો પ્રશ્ન તો ભૂલી જ ગયા. તેમની આગળ અત્યંત તેજસ્વી દિવ્ય દૃશ્ય ખડું થયું. પાછો ફરું કે આગળ વધું ? એ પ્રશ્ન એમની આગળ ઊભો રહ્યો. કર્મના બંધનો તૂટી જતાં ઉદય જાગ્યો. પોતાને ખટકતો આત્માના અસ્તિત્વનો પ્રશ્ન વધારે ઉગ્ર રૂપમાં આવી ઊભો રહ્યો. પ્રભુએ એ બધું જાણી અત્યંત મીઠી વાણીમાં તેનો ઉકેલ આપ્યો. વેદની ઋચાઓ પરસ્પર વિરોધી લાગતી હતી અને તેથી જ સંશય જાગ્યો હતો. ભાષા વાંચવાની ખૂબી પ્રભુએ બતાવી. શબ્દોના અર્થ કરતી વેળા વાચ્યાર્થ, લક્ષ્યાર્થ, દૃષ્ટાંત, ઉપમા વિગેરે કેવું કાર્ય ભજવે છે એ સ્પષ્ટ કરતા આત્માનું અસ્તિત્વ સ્પષ્ટ થયું. સંશયનો પડદો દૂર થયો અને એકદમ બોલાઈ ગયું ' પ્રભુ ! હું તમારો શિષ્ય છું ' વાદવિવાદનો અહંકાર તો કયારનો ય પલાયન કરી ગયો હતો. ભર્તૃહરીએ ગાયા મુજબ જ્ઞાનનો જ્વર એકદમ ઉતરી ગયો. વિનમ્ર ભાવ પ્રગટ થયો. આત્માના અનંત ગુણોમાંથી અત્યંત આવશ્યક ભાવ પ્રગટી નિકળ્યો અને પોતાના પંચશત શિષ્ય સમુદાય કે ગણુ સાથે ઇંદ્રભૂતિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુના વિશ્વાસપાત્ર ગણધર થઈ ગયા. વાદ તો ક્યારનોએ અસ્તંગત થઇ ગયો. ત્યારે આપણે ગણધરવાદ શબ્દ શા માટે વાપરીએ ?

વાદ થાય ત્યારે બે પક્ષ હોવા જ જોઈએ. તેઓને અમુક મતોનો આગ્રહ તો હોય જ. દરેક પક્ષ પોતપોતાના સિદ્ધાંતો સ્થાપન કરવા માટે અનેક દાખલા દલિલો સૈદ્ધાંતિક પ્રપંચો સિદ્ધ કરી બતાવે. બીજો પક્ષ તેનું ખંડન કરે. ફરી ઉહાપોહ ચાલે. શબ્દોની ખૂબ આપ–લે થાય અને છેવટ એક પક્ષ હારે, બીજો પક્ષ જીતે. એકનું બહુમાન અને બીજાનું અપમાન ગણાય. ત્રીજો પક્ષ ન્યાય આપે એવા ખૂબ પ્રકારો એમાં સંભવે. પ્રભુ મહાવીર અને ઇંદ્રભૂતિ એ બન્ને પક્ષમાંથી એકને પણ કોઇ સિદ્ધાંતનો આગ્રહ ન હતો. ઇંદ્રભૂતિને તો ફક્ત શંકા હતી. પરસ્પર વિરોધી જણાતા વાકયોનો મેળ બેસતો ન હતો. એક વાકયપ્રયોગથી આત્માનું અસ્તિત્વ સિદ્ધ થતું હતું ત્યારે બીજા વાકયમાં તેથી ઉલટું જ પ્રતિપાદન તેમને ભાસ્યું હતું. પ્રભુએ એ બીજો વાકયોનો સમન્વય સાધી આપ્યો હતો. અને એમ થતાં ઇંદ્રભૂતિને સત્ય વસ્તુ જણાઇ આવી હતી. મહાન્ પુરુષો પોતાની બુદ્ધિને ચાલના આપે. બુદ્ધિગમ્ય ઉહાપોહ મનમાં કરી લ્યે. પણ તેમને પોતાના મતનો આગ્રહ હોય નહીં. હવે જો હું આમ બોલું તો લોકોમાં મારી હાંસી થશે એવી ક્ષુદ્ર બુદ્ધિ એમની હોય જ નહી. તેઓ તો સત્યના ગવેષક હોય. પોતાની ભૂલ કબૂલ કરતા એમને સંકોચ લાગે જ નહીં. પોતાને છદ્મસ્થ ગણી તેઓ તરત જ સરળ માર્ગે આવી જાય. સત્ય જણાતા પોતાનો આગ્રહ મૂકી દે અને ભૂલ જણાતા નિર્મળ અંતઃકરણથી તે જાહેર રીતે કબૂલ કરે. આ વસ્તુ કોઈ મહાન્ બલવાન આત્મા જ સાધી શકે. ઇંદ્રભૂતિ એવા જ એક મહાપુરુષ હતા. તેથી જ તેઓ પ્રભુ મહાવીરનું કાર્ય આગળ ધપાવી શકયા હતા. સામાન્ય કે કાયર વ્યક્તિનું એ કામ જ નથી. આપણે જોઇએ છીએ કે જગતમાં અનેક મતમતાંતરો કેવળ આગ્રહ અને અપમાનના ભૂતે કરી મૂકયા છે. સાચી દિશા સમજાતા છતાં પોતાના દુરાગ્રહથી ઉલટું પ્રતિપાદન કરી તેઓ પોતાને માટે અનંત સંસારપરિભ્રમણ વધારી મૂકે છે. એ જ આત્માની કાયરતા કહેવાય. જે વાદ થયો જ નથી તેને જ આપણે વાદનું નામાભિધાન આપી દીધું છે. એ કેવળ પરંપરાગત માન્યતા જણાય છે. બીજું શું કહેવાય ?

પ્રભુ પાસે જૈન પરંપરામાં તૈયાર થએલ નહીં પણ વૈદિક સંસ્કૃતિ અને જ્ઞાન ધરાવનાર ઇંદ્રભૂતિ પંડિત ઉપસ્થિત થાય છે. ત્યારે પ્રભુ એ અન્ય મત અને પરંપરા ધરાવનાર છે એટલા જ માટે તેનો તિરસ્કાર કરતા નથી. પ્રભુ તો વસ્તુસ્થિતિ સમજવા માટે અને કેવળ માર્ગદર્શન કરવા માટે ચાવી બતાવી આપે છે. સત્ય ગમે ત્યાં, ગમે તેની પાસે, ગમે તે સ્થિતિમાં, ગમે તેના મુખે ઉચ્ચરાએલું હોય તેને સત્ય જ માનતા જણાય છે. **सत्यं मम** એ પ્રભુનો મંત્ર છે. **ममेव सत्यम्** એ તત્ત્વનો તો પ્રભુને સ્પર્શ પણ થએલો નથી જણાતો. પ્રભુ કેવળ સત્યના જ હિમાયતી હતા એટલે જ તેઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકયા. સૃષ્ટિની ઘટના, દ્રવ્યનો પરસ્પર સંબંધ, આત્માને તેના સાચા સ્વરૂપમાં જાણવું એ જ પ્રભુનો સિદ્ધાંત હતો. પ્રભુની એ ઉદાર અને મૂલગ્રાહી સૈદ્ધાંતિક પરંપરા જોતા અને એમની કરુણા બુદ્ધિ જોતાં એમના ચરણોમાં સ્વાભાવિક રીતે જ મસ્તક નમ્ર ભાવ ધારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. વિચાર થઇ આવે છે કે, પ્રભુના ચરણોમાં મસ્તક નમ્યું તે નમ્યું, એમાં જ આપણા પામર આત્માનો ઉદ્ધાર છે.

પ્રભુએ ગૌતમ ઋષિના હાથમાં ચાવી મૂકી દીધી અને જ્ઞાનભંડાર યથેચ્છ લૂંટવાનો પરવાનો આપી દીધો. એ મહાન્ આત્મા તો ધડાઈને તૈયાર જ હતો. એણે પોતાની બુદ્ધિની કુશલતા બતાવવા માંડી. બધું જ્ઞાન આત્મસાત કરી લીધું. બધી પરંપરા જાણી લીધી અને પોતે પ્રભુના શિષ્ય છતાં જગતના ગુરુ થયા. એ પદવી લાયકાત મેળવવા માટે ઇંદ્રભૂતિ ગૌતમ ઋષીએ પ્રભુ પાસે સૂત્રાત્મક મહાન્ માર્ગદર્શન માગ્યું અને કરુણાનિધિ ભગવંતે ઉદાર ભાવે ત્રિપદીનો સિદ્ધાંત ગૌતમસ્વામીને સમજાવ્યો. ગણધર મહારાજે એ ત્રિપદીનો પરમાર્થ પૂર્ણ સમજી લઈ મુમુક્ષુ જનો માટે સૂત્રગૂંથણી કરી તે સિદ્ધાંત વિશદ અને સુલભ કરી આપ્યો. અર્થાત્ એ સૂત્રરૂપી આગમોદ્વારા જનતાને અમૃતમય બોધ આપ્યો. એ ત્રિપદીનો સિદ્ધાંત શું છે? એનો આપણે વિચાર કરીએ.

જગત્ પુદ્દગલ પરમાણુઓથી ભરેલું છે અને આત્મતત્ત્વ પણ સ્વતંત્ર રીતે તેમાં કાર્ય કરે છે. બે પુદ્દગલ પરમાણુઓ એકત્ર થાય એટલે એ સ્કંધ ઉત્પન્ન કરે. અમુક કાળ સુધી તે સ્કંધ કાયમ રહી ફરી વિખેરાઇ જાય. એમાં જ ઉત્પત્તિ, ધ્રુવત્વ અને વ્યય આવી જાય છે. અને આ ઉત્પત્તિ, સ્થિતિ અને લયની કે નાશની પ્રક્રિયા અખંડપણે અનાદિકાલથી ચાલતી આવેલી છે અને અનંતકાલ સુધી ચાલવાની છે. આત્માનો સંબંધ પુદ્દગલ જોડે આવવાથી અનેક જાતના સંઘર્ષો થાય છે અને આત્મા કર્મબંધન કરે છે. બંધન આવે ત્યારે તે તોડવા માટે જાગૃત આત્મા પ્રયત્ન કરે છે. આમ પરંપરા વધતા કેટલાએક આત્માઓ બંધમુક્ત થઇ જાય છે. એ બધી પરંપરાનું વિશદીકરણ ગૌતમ અને બીજા ગણધરોએ બનતા સુધી સુલભ રીતે કરેલું છે. આચાર્યોએ વધુ સુલભતા કરવા પ્રયત્ન કર્યો છે. સામાન્ય જનતા માટે અનેકાનેક સુલભતા કરવાના અનેક પરોપકારી મુનિજનોએ પ્રયત્નો કર્યાં છે. તેમાંનો અંશ પણ આપણે સંસારરત માનવો પામી જઇએ તો પણ આપણા નિસ્તારનો કાંઇક માર્ગ જડી આવે. એ માર્ગ બતાવવા માટે જ આપણી સતત પ્રાર્થના છે.

પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીને જેમ આત્માના અસ્તિત્વ માટે શંકા હતી તેમ અન્ય દશ ગણધરોને પરલોક, પુણ્ય, પાપ વિગેરે અનેક મુદ્દાઓ પરત્વે શંકા હતી. તેઓ સાશંક વૃત્તિએ જ રહેતા હતા. પ્રભુએ એ બધાઓની શંકાનું નિરસન કરી તેમને પોતાના ગણનાયકો સ્થાપન કર્યા. બધાઓ વાદબુદ્ધિએ આવ્યા અને પટ્ટશિષ્ય થઇ મુક્તિના અધિકારી થઈ બેઠા. આપણા મનમાં કાંઈ શંકા પેદા થાય છે? થાય ત્યારે કોઈ સુવિહિતજ્ઞ પાસે તેનો ઉકેલ મેળવવા પ્રયત્ન કરીએ છીએ? આપણી ભૂલ જણાતા તે કબૂલ કરવા આપણે પ્રયત્ન કરીએ છીએ? આપણામાં રહેલા દોષો માટે ફક્ત મોઢેથી બોલવા પૂરતો નહીં પણ ખરા અંતઃકરણથી પશ્ચાત્તાપ થાય છે? એવા દોષો ટાળવા માટે આપણે પ્રયત્નશીલ છીએ? પોતેજ એ પ્રશ્નો પોતાનેજ એકાંતમાં કરો, સાચો ઉકેલ મેળવો ત્યારે જ આત્મશુદ્ધિના માર્ગે આપણે વળ્યા એમ ગણાશે. બાકી તો 'આગેસે ચલતી આઇ' એ પરંપરાના વિચારમાં આપણે ફસાએલા છીએ જ. શાસનદેવ સાચી બુદ્ધિ સુઝાડે એજ પ્રાર્થના!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મ વિષયક ગ્રન્થોનું નામસામ્ય.

( લે૦ પ્રો૦—**હીરાલાલ ર. કાપડિયા** એમ. એ. )

**પુનરાવૃત્તિ**—એક જ યુગમાં એક જ નામની અનેક વ્યક્તિઓ જોવાય છે, તો પછી વિવિધ યુગોમાંના વિવિધ સંપ્રદાયોના ગ્રન્થોના નામમાં સમાનતા જણાય એમાં શી નવાઇ? એક નામ લોકપ્રિય બને કે એ હૃદયંગમ જણાય એ નામનો ઉપયોગ કરવા અન્ય પ્રેરાય. વળી એ નામને અમર બનાવવાની ભાવના સેવનાર પણ તેમ કરે. આમ નામની પુનરાવૃત્તિ પાછળ અનેક હેતુઓ કામ કરે છે. એમાંના કોઇક હેતુને લઇને જૈન સાહિત્યમાં કેટલીક કૃતિઓ સમાનનામક જોવાય છે. આ લેખમાં તો કર્મના સિદ્ધાન્તના નિરૂપણ અર્થે યોજાયેલી કૃતિઓનો જ હું વિચાર કરવા ઇચ્છું છું.

**કમ્મપ્પવાય**—કૃતિનું નામ પાડનાર એ કૃતિગત વિષયનું દ્યોતક નામ પાડે એ સ્વાભાવિક છે. આથી કર્મ સિદ્ધાન્તને લગતા એક પુવ્વનું-ચૌદ પુવ્વમાંથી આઠમાનું નામ **કમ્મપ્પવાય** ( કર્મપ્રવાદ ) છે એ બાબત સહજ છે એમ કહી શકીએ. આ પુવ્વ વિષે **વિસેસાવસ્સયભાસ**( ગા. ૨૫૧૩ )માં ઉલ્લેખ છે.

**છક્ખંડાગમ**( ભા. ૧ )ની પ્રસ્તાવના( પૃ. ૬૩ ) માં સૂચવાયું છે કે **ધવલામાં કર્મપ્રવાદ**નો ઉલ્લેખ છે. આ ગ્રંથ તે કયો?

**કમ્મપયડિ( કર્મપ્રકૃતિ )**—બીજા પુવ્વ નામે **અગ્ગાયણીય**( અગ્રાયણીય ) ના ૧૪ વત્થુ '( વસ્તુ ) નામક વિભાગ પૈકી પાંચમા વિભાગમાં જે વીસ પાહુડ( પ્રાભૃત ) છે તેમાંનાં ચોથા પાહુડનું નામ **કમ્મપ્પગડિ** ( કર્મપ્રકૃતિ ) છે. આમાંથી **શિવશર્મસૂરિ**એ જે કૃતિ ઉધ્ધૃત કરી એનું નામ પણ **કમ્મપયડિ** છે. અને હરિભદ્રસૂરિએ **પણ્ણવણા**(પય ૨૩)ની ટીકા નામે **પ્રદેશવ્યાખ્યા**માં પત્ર ૧૪૦ માં **કમ્મપયડિસંગહણી** કહી છે અને પત્ર **૧૨૯**માં **કર્મપ્રકૃતિસંગ્રહણિકા** કહી છે.

– **ઉત્તરજ્ઝયણ**ના ૩૩ મા અજ્ઝયણનું નામ **કમ્મપયડિ** છે. એમાં આઠ કર્મનાં નામ, ભેદ, સ્થિતિ અને ફળનું વર્ણન છે.

– **પણ્ણવણા**માં ૩૬ પય ( પદ ) છે. એનાં નામ આ આગમમાં જે ગણાવાયાં છે તેમાં ૨૩ મા પયનું નામ ' કમ્મ ' છે. આને ' કર્મપ્રકૃતિ ' તરીકે ઓળખાવાય છે. આ પયમાં કર્મ-પ્રકૃતિના ભેદ, બંધ, ઉદય અને સ્થિતિનું નિરૂપણ છે. આઠે કર્મના જઘન્ય તેમજ ઉત્કૃષ્ટ સ્થિતિ-બંધનું સ્વરૂપ અહીં વિસ્તારથી અપાયું છે.

– કર્મોના બંધનું નિરૂપણ દંડકોના ક્રમે આના પછીના ' કમ્મબંધ ' નામના પયમાં છે. એક કર્મ-પ્રકૃતિના બંધસમયે બીજાં કયાં કયાં કર્મો ઉદયમાં હોય એ બાબત દંડકોના ક્રમે આની પછીના-૨૫ માં ' કમ્મવેદ ' નામના પયમાં આલેખાઇ છે. એવી રીતે ૨૬ મા ' વેયબંધ ' પયમાં કોઇ એક કર્મપ્રકૃતિનો ઉદય હોય ત્યારે બીજાં કયા કયા કર્મો બંધાય એ હકીકત દંડકોના ક્રમે સમજાવાઇ છે. ૨૭ મા પયનું નામ ' વેયવેય ' છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાં એક કર્મ-પ્રકૃતિના ઉદય-સમયે બીજાં કયા કયા કર્મનો બંધ થાય એ વાત વિસ્તારથી દંડકોના ક્રમથી વિચારાઇ છે.

**પુષ્પદંત** અને ભૂતબલિએ રચેલા **છક્ખંડાગમ**નું બીજું નામ **મહાકર્મપ્રકૃતિ-પ્રાભૃત** છે. **જિનરત્નકોશ** ( ભા. ૧ પૃ. ૪૧૧ ) પ્રમાણે આનું નામ **સત્કર્મપ્રાભૃત** પણ છે.

**પંચસગહ**( ગા. ૨ )માં પાંચ ગ્રંથોનો નિર્દેશ કરતી વેળા ચન્દ્રર્ષિકૃત **સયગ**નો ઉલ્લેખ કરાયો છે. આ **સયગ** એ જ **શિવશર્મસૂરિ**એ ૧૧૧ ગાથામાં રચેલું **સયગ** હશે. એમ ન જ હોય તો પણ આ નામને અનુલક્ષીને દેવેન્દ્રસૂરિએ પોતાના પાંચમા કર્મગ્રન્થનું નામ આ જ પાડ્યું છે, કેમકે આ કર્મગ્રન્થની સ્વોપજ્ઞ ટીકામાં એમણે **શિવશર્મસૂરિ** અને એમની કૃતિ નામે **શતક**ની સાદર નોંધ લીધી છે. **શિવશર્મસૂરિ**ના **સયગ** માટેનું વિશેષતઃ સાન્વર્થ અને કર્તાને અભિપ્રેત જણાતું નામ **બંધસયગ** છે. આ કૃતિ વિષે મેં એક લેખમાં વિચાર કર્યો છે.

**પંચસંગહ** ( પંચસંગ્રહ )-ઉપર્યુક્ત **પંચસંગહ** એ જેમ શ્વેતાંબરીય કૃતિ છે તેમ દિગંબરોમાં [1]**વિક્રમની અગિયારમી સદીમાં** થઇ ગયેલા ' સિદ્ધાન્તચક્રવર્તી ' નેમિચન્દ્રની કૃતિ **ગોમ્મટસાર**ને પણ આ નામે ઓળખાવાય છે. વળી આ **ગોમ્મટસાર**ની લગભગ સંસ્કૃત છાયા જેવી કૃતિ **અમિતગતિ**એ વિ. સં. ૧૦૭૩માં રચી છે. એનું નામ **પંચસંગ્રહ** છે. **જિનરત્નકોશ**( ભા. ૧, પૃ. ૨૨૯ )માં દિ. **ધટ્ટ**ની એક કૃતિનું નામ **પંચસંગ્રહ** અપાયું છે. શું એનો વિષય કર્મનો સિદ્ધાન્ત છે? " **અનેકાન્ત** " ( વ. ૩, પૃ. ૨૬૬ )માં વિ. સં. ૧૫૨૭ ની એક હાથપોથી વિષે ઉલ્લેખ છે. એમાં જીવ સ્વરૂપ, પ્રકૃતિસમુત્કીર્તન, કર્મસ્તવ, શતક અને સપ્તતિકા એમ પાંચ પ્રકરણો છે. આ કૃતિનું નામ પણ **પંચસંગહ**-( **પંચસંગ્રહ** ) છે. એની રચના **ધવલા** પછી અને કદાચ એને આધારે થયેલી લાગે છે.

**સિત્તરી ( સપ્તતિકા )**—**પંચસંગહ**માં જે પાંચ ગ્રંથોનો સંગ્રહ કે સમાવેશ કરાયો છે તેનાં નામ મલયગિરિસૂરિએ એની વૃત્તિમાં નીચે મુજબ આપ્યાં છે:—

( ૧ ) **શતક**, ( ૨ ) **સપ્તતિકા**, ( ૩ ) **કષાયપ્રાભૃત**, ( ૪ ) **સત્કર્મન્**, ( ગુ. સત્કર્મ ) અને ( ૫ ) **કર્મપ્રકૃતિ**

શું અહીં નિર્દેશેલ **સપ્તતિકા** તે જ ચિરંતનાચાર્યકૃત અને મલયગિરિસૂરિકૃત વૃત્તિ સહિત છપાયેલી [2]**સિત્તરિ** છે? જો એમ ન જ હોય તો એકે બીજાની કૃતિનું નામ રાખ્યું છે એમ મનાય. વળી ઉપર્યુક્ત દિગંબરીય **પંચસંગ્રહના** છેલ્લા ( પાંચમા ) પ્રકરણનું નામ પણ આ જ ( સપ્તતિકા ) છે.

**કસાયપાહુડ**—ઉપર્યુક્ત પાંચ ગ્રંથોમાં આ નામ ગણાવાયું છે ખરું, પણ આ નામની કોઇ શ્વેતાંબરીય કૃતિ આજે મળતી હોય એમ જણાતું નથી. દિ. આચાર્ય ગુણધરે આશરે ૨૩૬ ગાથામાં જે **કસાયપાહુડ** રચ્યું છે તે મળે છે. આ ગુણધરનો સમય વિક્રમની પાંચમી સદી હોવાનું મનાય છે.

---

૧ એમની એક કૃતિનું નામ **કર્મપ્રકૃતિ** છે. જુઓ **જિનરત્નકોશ** ( ભા. ૧, પૃ. ૭૧ ને પૃ. ૧૧૦ ). ૨ આની પહેલી ગાથામાં આને **દિટ્ઠિવાયના** નિસ્યન્દરૂપ કહેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કમ્મવિવાગ ( કર્મવિપાક )**—પણ્ણવણાના ૨૩ માંથી ૨૭ મા સુધીનાં પયો પૈકી એક કે વધારે પયના વિષયનો વિચાર કરતાં કે પછી સ્વતંત્ર રીતે વિચાર કરીને ગર્ગર્ષિએ ૧૬૮ ગાથાની પોતાની કૃતિ માટે **કમ્મવિવાગ** એવું નામ યોજ્યું છે. આ ગર્ગર્ષિનો સમય વિક્રમની દસમી સદી જેટલો તો પ્રાચીન છે જ, કેમકે એમની આ કૃતિ ઉપર વિક્રમની બારમી-તેરમી સદીમાં થઈ ગયેલા પરમાનંદસૂરિએ વૃત્તિ રચી છે.

આ **કમ્મવિવાગ** વગેરે " પ્રાચીન છ કર્મગ્રંથ " તરીકે ઓળખાય છે. એને સામે રાખીને દેવેન્દ્રસૂરિએ પાંચ નવ્યકર્મગ્રન્થ રચ્યા છે. તેમાં પ્રથમનું નામ **કમ્મવિવાગ** રાખ્યું છે.

**કમ્મત્થય ( કર્મસ્તવ )**—આ ૫૭ ગાથાની એક પ્રાચીન કૃતિ છે. એના [1]રચનારનું નામ કે એનું રચનાવર્ષ જાણવામાં નથી. આના પ્રારંભમાં કર્તાએ પોતાને અભિપ્રેત નામ તરીકે આનું નામ **બંધુદયસંતજુત્તથય** ( બન્ધોદયસદ્યુક્ત સ્તવ ) યોજ્યું હોય એમ લાગે છે, પરંતુ એના ટીકાકાર ગોવિન્દાચાર્યે તો શરૂઆતમાં તેમજ અંતમાં એનું નામ **કર્મસ્તવ** જ દર્શાવ્યું છે. એ ઉપરથી દેવેન્દ્રસૂરિએ બીજા કર્મગ્રન્થને માટે આ નામ પાડ્યું છે, કેમકે આ સૂરિએ એમના ત્રીજા કર્મગ્રન્થના અંતમાં એમણે આપેલા બીજા કર્મગ્રન્થનું નામ **કમ્મત્થય** દર્શાવ્યું છે.

**બંધસામિત્ત ( બન્ધસ્વામિત્વ )**—આ નામની એક પ્રાચીન કૃતિ છે. એમાં ૫૪ ગાથા છે અને એના ઉપર હરિભદ્રસૂરિએ વિ. સં. ૧૧૭૨ માં વૃત્તિ રચી છે. આ જ નામથી દેવેન્દ્રસૂરિએ પોતાના ત્રીજા કર્મગ્રન્થને ઓળખાવ્યો છે.

**છાસીઈ ( ષડશીતિ ) યાને આગમિયવત્થુવિયારસારપયરણ ( આગમિક વસ્તુવિચારસારપ્રકરણ )**—આના કર્તા જિનવલ્લભસૂરિ છે. આ કૃતિના ઉપર મલયગિરિસૂરિએ તેમજ વૃદ્ધગચ્છીય હરિભદ્રસૂરિએ વૃત્તિ રચી છે અને એ બંનેએ અહીં કૌંસમાં આપેલાં નામોનો નિર્દેશ કર્યો છે; બાકી મૂળ લેખકે તો આ કૃતિનું કોઈ વિશેષ નામ સૂચવ્યું હોય એમ જણાતું નથી. દેવેન્દ્રસૂરિએ પોતાના ચોથા કર્મગ્રન્થ માટે એની સ્વોપજ્ઞ ટીકાના પ્રારંભમાં તેમજ અંતમાં **ષડશીતિક શાસ્ત્ર** એવું નામ આપ્યું છે. આમ પ્રાચીન નામ એમણે જાળવ્યું છે.

**પ્રાચીન અને નવ્ય કર્મગ્રન્થ**—કર્મને લગતો ગ્રંથ તે ' કર્મગ્રંથ ' કહેવાય. આ નામથી નીચે મુજબની છ પ્રાચીન કૃતિઓને ઓળખાવાય છે:—

( ૧ ) કમ્મવિવાગ, ( ૨ ) કમ્મત્થય, ( ૩ ) બંધસામિત્ત, ( ૪ ) છાસીઇ, ( ૫ ) સયગ અને ( ૬ ) સિત્તરિ.

આને જેમ ' પ્રાચીન છ કર્મગ્રંથ ' કહે છે તેમ દેવેન્દ્રસૂરિએ સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કરેલી નિમ્નલિખિત પાંચ કૃતિઓને ' નવ્ય પાંચ કર્મગ્રંથો ' કહે છે:—

૧ **જિનરત્નકોશ**( ભા. ૧, પૃ. ૭૩ )માં જિનવલ્લભસૂરિ એવું નામ અપાયું છે તો શું એ બરાબર છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) કમ્મવિવાગ, (૨) કમ્મત્થય, (૩) બંધસામિત્ત, (૪) છાસીઈ અને (૫) સયગ.

આ પૈકી **બંધસામિત્ત** ઉપરની સ્વોપજ્ઞ ટીકા આજે મળતી નથી.

**અર્વાચીન સંસ્કૃત કર્મગ્રન્થ–વિક્રમની** પંદરમી શતાબ્દીના પ્રારંભમાં થયેલા જયતિલકસૂરિએ નીચે મુજબની જે ચાર કૃતિઓ સંસ્કૃતમાં રચી છે તેને ' સંસ્કૃત ચાર કર્મગ્રંથ ' તરીકે ઓળખાવાય છે:—

(૧) પ્રકૃતિવિચ્છેદ, (૨) **સૂક્ષ્માર્થસંગ્રાહક**, (૩) **પ્રકૃતિસ્વરૂપ** અને (૪) **બંધસ્વામિત્વ.**

આ ચાર કર્મગ્રન્થો **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર** તરફથી લગભગ ૨૫ વર્ષ ઉપર પ્રસિદ્ધ થયા છે. આ ચારેનું શ્લોકપ્રમાણ ૫૬૯ શ્લોકનું દર્શાવાયું છે.

**પ્રાચીન સંસ્કૃત કર્મગ્રન્થ**—વિદ્યાવારિધિ ઉમાસ્વાતિકૃત **તત્ત્વાર્થસૂત્ર** (અ. ૮)ની ટીકામાં **સિદ્ધસેનગણિએ** કર્મવિષયક અનેક અવતરણો આર્યામાં સંસ્કૃતમાં આપ્યાં છે. આ ઉપરથી હું એવું અનુમાન કરું છું કે કર્મ સંબંધી કોઇ ગ્રન્થ કે ગ્રન્થો સંસ્કૃતમાં રચાયા હોવા જોઇએ, જો કે આજે એ ઉપલબ્ધ નથી. વિશેષમાં આ ગ્રન્થની પ્રાચીનતા ઇ. સ. ના સાતમા સૈકા જેટલી તો હશે જ એમ લાગે છે.

પ્રાચીન અને નવ્ય કર્મગ્રંથોમાં તેમજ અર્વાચીન સંસ્કૃત કર્મગ્રંથોમાં પણ બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા એ ચાર જ વિષય વિશેષતઃ ચર્ચાયા છે. **કમ્મપયડિ** અને **પંચસંગહ** આથી જુદી ભાત પાડે છે.

**કમ્મપયડિમાં** ઉદય અને સત્તાનું નિરૂપણ છે ખરૂં, પરંતુ એનો મુખ્ય વિષય આઠ કરણ છે. આ તમામ કૃતિઓના તેમજ **સિત્તરિના બંધસયગના** અને સાથે સાથે આગમોના કર્મવિષયક સાહિત્યના અને તુલનાત્મક દૃષ્ટિએ કર્મ–સિદ્ધાન્તને અંગે એક ગુજરાતીમાં પુસ્તક રચવા મારી ભાવના ઘણાં વર્ષોથી છે અને એ દિશામાં મેં થોડોક પ્રયાસ પણ કર્યો છે.

**સૂત્રાત્મક કર્મગ્રન્થ**—કર્મના સિદ્ધાન્તનો જૈન દર્શન સાથેના વ્યાપક તેમજ મહત્ત્વપૂર્ણ સંબંધ જોતાં આ વિષયને કંઠસ્થ કરવા માટે જેમ ' આર્યા ' છંદમાં કર્મગ્રન્થો રચાયા તેમ આ વિષય સૂત્રરૂપે પણ રજૂ થવો જોઇતો હતો. આ દિશામાં વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ પ્રસંગવશાત્ **તત્ત્વાર્થસૂત્રમાં** થોડાંક સૂત્ર આપી પહેલ તો કરી છે, પરંતુ કોઈ ચિરંતન આચાર્યે આ કાર્ય કર્યું હોય એમ જાણવામાં નથી. આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રી આનંદસાગરસૂરિએ નવ્ય પાંચ કર્મગ્રંથોના વિષયને સૂત્રરૂપે ગૂંથ્યો છે. આ ૨૦૩ સૂત્રોની નાનકડી કૃતિ સત્વર પ્રસિદ્ધ કરવા એમના શિષ્યવર્ગને તેમજ ધનિક જનોને સાદર વિજ્ઞપ્તિ છે.

અંતમાં જે જે કૃતિના કે એના અંશના કે કૃતિકલાપના નામની પુનરાવૃત્તિ જોવાય છે તે નામોની હું અકારાદિ ક્રમે નોંધ લઇ વિરમું છું.

કમ્મત્થય, કમ્મપગ(ય)ડિ, કમ્મવિવાગ, કર્મગ્રન્થ, કસાયપાહુડ, છાસીઈ, પંચસંગહ, બંધસામિત્ત, સત્કર્મન્, ( પ્રા. સક્કમ્મ ), સયગ અને સિતરિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એકાન્તનો મહિમા

( અનુ.—અભ્યાસી બી. એ. )

અનેક વખત એકાન્તદ્વારા માણસ મોટી મોટી સમસ્યાનો ઊકેલ કરી લે છે, મોટા મોટા લાભના સાધનો શોધી કાઢે છે, ખોયેલી શક્તિ અને શાંતિ પ્રાપ્ત કરે છે છતાં પણ એકાંતનો મહિમા જાણતો નથી અને જે મોટા મોટા લાભ સ્વતંત્રતાપૂર્વક એકાંતસેવનથી સિદ્ધ થાય છે તેની ખાતર પરતંત્રતાના પંથે ભટકતો ફરે છે.

બુદ્ધિમત્તા પ્રાપ્ત કરવા માટે, યથાર્થ જ્ઞાન માટે, શક્તિ તથા શાંતિ માટે દ્વારો ખુલ્યા છે, એ દ્વારોમાં કોઈ પણ માણસ એકાંત પંથનો આશ્રય લઈને પ્રવેશ કરી શકે છે અને બુદ્ધિમત્તા, જ્ઞાન, શક્તિ તથા શાંતિથી પોતાના જીવનને સમૃદ્ધ અને સંપન્ન બનાવી શકે છે.

જગતમાં સમયે સમયે માનવ જાતિને પ્રકાશ આપનારા જેટલા મહાપુરુષ થઈ ગયા છે અથવા તો વર્તમાન કાળમાં છે તે સઘળા પ્રાયે કરીને એકાંતનો આશ્રય લઈને ક્રિયાઓના કોલાહલને પાર કરીને આત્માની નીરવતા તથા પ્રશાંત ગંભીરતામાં સ્થિર થઈ શક્યા છે અને તેઓએ સર્વોપરી મહત્તા પ્રાપ્ત કરી છે, એવા જ લોકો ભોગ સુખોના પંથે અધીર બનીને દોડનાર અસ્તવ્યસ્ત ચંચળ મનુષ્યોને માર્ગદર્શન કરે છે, એમની દ્વારા અધઃપતિત માનવજાતિનું કલ્યાણ થાય છે.

સઘળા માણસો એકાંતસેવી નથી થઈ શકતા; કેમકે સર્વસાધારણ મનુષ્યો એકાંતનું મહત્ત્વ નથી જાણતા. જેઓ પોતાની ઇન્દ્રિયોને વશ કરવા માટે એકાંત નિવાસ કરે છે, જેઓ પોતાના મનને વિષયસ્મરણથી દૂર કરીને ભગવાનના પવિત્ર સ્મરણમાં લગાડીને, વૃત્તિઓને અંતર્મુખી બનાવીને યોગના માર્ગે અગ્રસર થાય છે તેઓ જ એકાંતનો સર્વોત્કૃષ્ટ લાભ પ્રાપ્ત કરે છે.

એકાંતસેવનથી આપણા અંતઃકરણમાં સૌથી ઊંડી રહેલી વસ્તુઓનું અર્થાત્ વાસનાઓનું જ્ઞાન થાય છે. જેવી રીતે વધારે વખત બહાર કામ કરનાર માણસ થાકીને પોતાના ઓરડામાં વિશ્રામ લે છે. ત્યારે પહેલેથી સંગૃહિત વસ્તુઓ ઉપર દૃષ્ટિ પડતાં જ નિર્ણય કરે છે કે–તેમાંથી કઈ કઈ વસ્તુ સાર્થક છે; શુદ્ધ સુંદર અને કિંમતી છે; કઈ વસ્તુ નિરર્થક, અનાવશ્યક, અસુંદર અને તુચ્છ છે તેવી રીતે સાધક પુરુષ એકાંતમાં જ પોતાની અંદરની સાર્થક કે નિરર્થક, સુંદર કે અસુંદર હિતપ્રદ કે અહિતપ્રદ વાસનાઓ, ઇચ્છાઓનો નિર્ણય કરે છે અને ત્યાંથી જ અંતઃકરણને શુદ્ધ કરવાની શક્તિ મળે છે તથા શક્તિનો સદુપયોગ કરવાની યોગ્યતા વધે છે.

દિવસના આરંભમાં એકાંતસેવનથી આખા દિવસના સમસ્ત કર્મોનું શુદ્ધ ચિત્ર બનાવી લેવાય છે અને દિવસને અંતે એકાંતસેવનથી દિવસભરમાં કરેલા કર્મોનું ઠીક ઠીક દર્શન થાય છે, એનાથી ભવિષ્યમાં કાર્યકુશળતાની વૃદ્ધિ થાય છે. જેવી રીતે બજારમાં ફરનાર માણસ પોતાને ઘરે આવીને એકાંતમાં પોતાનાં કપડાં ઉતારે છે અને પોતાનાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્ત્રહીન શરીરની સુંદરતા અસુંદરતાનું દર્શન કરે છે, તે રીતે સાધક પુરુષ એકાંતમાં પોતાની ઉપર ચઢી ગયેલા આવરણ ઉતારીને નિરાવરણ સ્વરૂપને જોઇ શકે છે. એકાંતમાં જ જ્યારે ઇન્દ્રિયો મૌન થઇ જાય છે, મન ચૂપ થઇ જાય છે અને બુદ્ધિ સ્થિર થઇ જાય છે ત્યારે આત્માનું દિવ્ય દર્શન થાય છે, તેની દિવ્ય વાણી સંભળાય છે. એકાંતસેવનથી જ ચિત્તવૃત્તિ શુદ્ધ જ્ઞાન તથા પવિત્ર પ્રેમની અનુગામિની બને છે અને ત્યારે જ સમગ્ર જીવન જ્ઞાનાલોકમાં પ્રેમમય થઈ જાય છે. જ્યારે જ્યારે બાહ્ય આમોદ-પ્રમોદજનિત સુખથી ચંચળતા વધે છે, થાક લાગે છે અને માનસિક નિર્બળતા ઉત્પન્ન થાય છે ત્યારે ત્યારે એકાંતસેવનથી જ તે ક્ષતિની પૂર્તિ થાય છે.

કોઇ નિર્જન સ્થાને પહોંચવા માત્રથી જ સંપૂર્ણ એકાંત થઇ જતો નથી. જ્યારે ઇન્દ્રિય, મન, બુદ્ધિ પણ એકાંતસેવી થાય છે ત્યારે જ સંપૂર્ણ એકાંત સિદ્ધ થાય છે. જ્યારે આપણે આપણા શરીરની દૃષ્ટિએ એકલા હોઇયે છીયે ત્યારે તે શરીરમાત્ર માટે એકાંત થાય છે. તેની સાથે જ્યારે ઇન્દ્રિયો માટે વિવિધ વિષયપંથ બંધ થઇ જાય છે ત્યારે તે ઇન્દ્રિયોનું એકાંત સિદ્ધ થાય છે. જ્યારે મનની વિષયોન્મુખ વૃત્તિયોને રોકીને યોગપંથમાં ઝુકાવવામાં આવે છે અને સંકલ્પો, વિકલ્પો, ઇચ્છાઓનો સારી રીતે નિરોધ કરવામાં આવે છે ત્યારે મનનું એકાન્ત સેવન સિદ્ધ થાય છે. એવી રીતે બુદ્ધિની આગળ જગત પ્રપંચ અથવા દૃશ્યમય દ્વૈતદૃષ્ટિ નથી રહેતી ત્યારે બુદ્ધિ એકાંતનિષ્ઠ થઇ જાય છે અને એથી આગળ વધીને જે કાંઇપણ આપણું માનીયે છીયે તેમાંથી આપણે આપણી જાતને કાઢી લઇએ તો 'અહં' એકાંતસેવી થઇ જાય છે. આ વિધિથી જ્યારે શરીર, ઇન્દ્રિયો તેમજ મન, બુદ્ધિ અને 'અહં' સઘળાં એકાંતસેવી થાય છે ત્યારે અચંચલતા, શુદ્ધતા, શક્તિ-શીલતા, યથાર્થ જ્ઞાન તથા પવિત્ર પ્રેમ અને પરમ શાંતિની સિદ્ધિ સુલભ બને છે.

અનેકતાનો જ્યાંથી આરંભ થાય છે અને અનેકતાનો જ્યાં અંત આવે છે તે જ વાસ્તવિક એકાંત છે. એકાંતથી જ સંસારનો આરંભ અને એકાંતમાં જ સંસારનો અંત છે, એવા એકાંતનો જે માણસ આશ્રય લે છે તેને સંસારાતીત સર્વાધાર સત્વનો પરમ ગાઢ અનુભવ થાય છે.

એકાંતસેવી પુરુષ સાધનાભ્યાસદ્વારા સર્વ સંગત્યાગી બનીને સત્યાનંદનો નિત્ય યોગી બને છે. જે મનુષ્ય દુઃખોથી નિવૃત્તિ ચાહે છે, અસત્પ્રપંચથી મુક્ત બનીને સત્યની ભક્તિ ચાહે છે, અંતઃકરણ શુદ્ધ કરનારી નિષ્કામ સેવા માટે શક્તિ ચાહે છે અને જેનાથી શાંતિ પ્રાપ્ત થાય છે એવી સાંસારિક ભોગસુખોથી વિરક્તિ ચાહે છે તે ક્રમે કરીને હમેશાં કર્તવ્યકર્મોને પૂર્ણ કરતાં કરતાં સમય જતાં એકાંતમાં સાધનાભ્યાસી બને છે અને અસં-ગતિદ્વારા દિવ્ય સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે. इतिशम्.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગધેડો અને તેની મિથ્યા આશા.

## પરિણામે ભારે દુઃખ અને શોક.

**આ સંસારના સુખો મિથ્યા છે. ગધેડાની આશા જેવા કલ્પનામય છે. પરિણામે નિરાશા અને દુઃખદ છે, તેમજ શોકોત્પાદક જ છે.**

એક બાજીગર રીંછ, વાંદરા, ઘોડા વિગેરે પશુ અને નટી, વાંદરી, ગધેડી, આદિ સ્ત્રી સમુદાય લઇને લોકોને વિવિધ ખેલ બતાવતો હતો. ગધેડો સર્કસના કામથી તદ્દન અજાણ હતો, છતાં બાજીગર તેને વખતોવખત આશા, દિલાસો આપી કામ લેતો હતો અને કહેતો હતો કે-જુઓ ગર્દભજી ! તમો સર્કસનું સારું કામ આપશો તો તમોને આ નટી કે જે સ્વરૂપવતી છે તે પરણાવી આપશું. કેમ રે નટી ? એટલે નટી બોલે કે-જેવી આપની મરજી ! દરરોજ આ પ્રમાણે ખેલના પ્રયોગો બે પગે ઉભવું, ઠેકવું, ઘોડાની માફક રેવાલમાં ચાલવું, વિગેરે કામો ગધેડો નટીની લાલચે સારા કરી બતાવે. નટી પણ મિથ્યા પરણવાનું કબૂલ રાખે. આમ ગધેડો તો ખામી વગરના ખેલો કરવામાં પાવરધો બની ગયો અને ભાવી આશામાં ને આશામાં આનંદ માનવા લાગ્યો. માને જ તો ? કેમ નહિ માને ? એવામાં નટીના પીયરીયા નટીને શોધતાં શોધતાં બાજીગર પાસે આવ્યાં અને બાજીગરનું મન મનાવીને નટીને લઇ ગયાં. હવે ગધેડો તો નિરાશ થઇ ગયો અને કામકાજમાં ચિત્ત ચોંટે જ નહિ એટલે બાજીગર ધોકા મારીને પણ કામકાજ લેવા મંડયો. ગધેડો બહુ મુંઝાણો. આશા હતી તે નિરાશામાં પલટી ગઇ અને રાતદિવસ બેચેન રહેવા લાગ્યો. સંસારના સુખો પણ આવા જ કલ્પનામય છે. ખરૂં સુખ સંસારમાં છે જ નહિ. છે કે ?

મનુષ્ય સુખની આશાએ ઝાંઝવાના મિથ્યા જળ તરફ કસ્તુરીઆ મૃગ પેઠે વિષય કષાયના ક્ષણિક સુખ તરફ અનાદિ કાળથી રખડપટ્ટી કરી રહ્યો છે, પણ એનો હજુ અંત આવ્યો નહિ તેમ આવવાનો સંભવ પણ નથી. જ્યાં સુધી આ જીવની બહિર્દૃષ્ટિ મટી આંતરદૃષ્ટિ થશે નહિ અને આત્મરમણતા પ્રાપ્ત થશે નહિ ત્યાં સુધી શાશ્વતું સુખ અનંત, અખંડ, અવ્યાબાધ, નિષ્કલંક, સંપૂર્ણ સુખ કદિ પણ મળવાનું નથી. અનંત ભવો બહિર્દૃષ્ટિ થઇ જીવ રખડવાનો જ છે. સંતસમાગમ વિના આ જીવને કોણ ઉધ્ધરે ? વિનય અને યોગ્યતા આદિ જીવ કયાંથી મેળવે ? કયાંથી લાવે ? જે નિકટભવિ જીવો છે તેમને જ સદ્‌બુદ્ધિ ઉપજે છે અને ધર્મરુચિ, પ્રીતિ, ભક્તિ આદિ સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે. કાળ બહુ કઠિન છે. ધર્મરુચિ જીવડા દેખાતા નથી. તેમ ખરા હિતસ્વી, ગુરુદેવ, ત્યાગી અને સંતોનો તો મહાન દુષ્કાળ પડયો છે. કોઇને કોઇની પડી નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા કપરા કાળમાં સર્વેએ બીજું કંઈ પણ ન બની શકે તો પોતે પોતાના આત્માનો ઉદ્ધાર તો અવશ્ય કરી લેવા જેવો છે. મૃત્યુની નોબત તો ત્રિકાલ માથે ગડગડી જ રહી છે. આયુષ્ય અલ્પ છે, મંજલ દૂર છે. ક્ષણેક્ષણનો હિસાબ નહિ રાખનાર અંતે પસ્તાવાનો જ છે; માટે મોડું ન થઇ જાય તે પહેલાં આત્માને અને તેના ગુણપર્યાયોને, ષડ્દર્શન, જીવવિચાર, નવતત્ત્વ, સ્યાદ્વાદ, તર્કભાષા, ન્યાય આદિનો અભ્યાસ કરતા રહી, આત્માને ઓળખી, આત્મામાં જ સ્થિરતા કરી, આત્મરમણ કરવા જેવું છે. પૌદ્દગલિક પદાર્થોનો આનંદ હેય સમજાઇ જવો જોઇએ. આત્મરતિ અને આત્મતૃપ્તિવાળો જ્યારે આ જીવ થશે ત્યારે જ તેની સંસારથી મુકિત થશે. ગધેડાની આશા જેવી ઇંદ્રિયોની આસકિત છોડવા જેવી છે અને જે ઇંદ્રિયમાં આસક્ત રહેશે તે ગધેડાની પેઠે દુ:ખી દુ:ખી થઇ જશે અને અનંત સંસાર ભટકી ભટકીને આખરે કમોતે મરી જઇને અધોગતિને પ્રાપ્ત થશે; માટે ટૂંક સાર એટલો જ છે કે-સંસારનાં ઇંદ્રિયોના સુખો માત્ર વિકલ્પો જ છે, મન:કલ્પિત જ માટે એ ક્ષણિકસુખોને છોડી આત્મિક, શાશ્વત સુખ તરફ મનને વાળો તો તમારા જેવો સુખી આ જિંદગીમાં ભાગ્યે જ મળી આવશે. આત્મિક સુખ શાશ્વત હોવાથી દેહ વિલય થતાં પણ આત્માને મૂકી કયાંય જવાનું નથી અને ભવોભવ તમારા આત્માની સાથે જ રહેશે, અને તમો સચ્ચિદાનંદ બની જશો, આનંદઘન બની જશો, ચિદાનંદ બની જશો. બીજું તો શું કહું ? પરંતુ તમારું સુખ અક્ષય અને અખંડ, અવ્યાબાધ અને નિર્મલ, ત્રિકાલમાં કદિ ન ચાલ્યું જાય એવું ઉત્કૃષ્ટ સુખ ભોગવવાને હે જીવ તું ભાગ્યશાળી થશે.

**વેલજીભાઇ ( અચ્છાબાબા )-જામનગર.**

## સમજ સમજ ફટ જાયેગી.

સમજ સમજ ઓ શાણે મુસાફિર, નિશ્ચય વો ફટ જાએગી.
ફટ જાએગી, ફટી રહેગી, વો કયા હમ ન કહેંગેજી—સમજ૦
કૂડ કપટ કર માયા કમાયા, મસ્તીમેં કયું મ્હાલેજી;
કાલે કામ સબ કારમેં હોંગે, સમજ ! આખિર ફટ જાએગી--સમજ૦
દગે કિસીકે સગે ન હોંગે, આખિર ધૂલ કી ધૂલ રહેગી;
બુરે કી પરિણતિ બુરી રહેગી, સમજ ! આખિર ફટ જાએગી—સમજ૦
કાલે કર્મ કર કીની કમાઇ, વો કયા સાથમેં આયેગી ?
પાપ નતીજા પ્રગટ હોગા તબ, સમજ ! આખિર ફટ જાએગી—સમજ૦
છડે ચોક તૂ કરે અનીતિ, મુખમેં રામ બગલ કાતી;
તેરી અનીતિ ભારે પડેગી, સમજ ! આખિર ફટ જાયેગી—સમજ૦
વેશ ઘણે ઔર રાતડી થોડી, બડી બડી બાતાં આયુ થોડી;
અચ્છાબાબા કહે પ્યારે મુસાફિર, સમજ ! આખિર ફટ જાએગી—સમજ૦

**અચ્છાબાબા-જામનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર કૌશલ્ય.

( ૨૯૨ )

એક વાટ હજારો દીવાઓ પ્રગટાવે છે,

**અને છતાં પોતે તો પ્રકાશતી હોય તેટલી જ પ્રકાશે છે અને**
**નાનામાં નાની બત્તી પોતાથી વધારે પ્રકાશ આપનારને ચેતાવે છે.**

પરોપકારીનું આ લક્ષણ છે. એને મનમાં કદી એમ ન થાય કે મારા દીવાથી પારકો દીવો સળગશે એટલે મારા દીવાનો પ્રકાશ ઓછો થશે. એને તો પોતાની દિવેટથી હજારો દીવાઓ પ્રકટાવવાની ઇચ્છા જ હોય છે. અન્યને માન મળે તેમાં તે પોતાની માનહાનિ માને નહિ. પોતાની પાસે ભણી વિદ્વાન થઇ શિષ્ય મહાન પદે જશે તેની તેને ઇર્ષ્યા ન આવે, પોતાને ત્યાં ઉમેદવારી કરી માણસ પાંચ પૈસા પ્રાપ્ત કરે કે મોટો લક્ષાધિપતિ થાય તો તેમાં એ પોતાને નુકશાન થયેલું ન ગણે. એ તો એમાં પોતાનું ગૌરવ સમજે, એમાં પોતાનું કર્તવ્યભાન માને, એમાં પોતાના પુત્ર કે સંતતિના ઉત્કર્ષ જેટલો રસ સમજે. એવી જ રીતે સાચી સલાહ પ્રમાણે સોદા કરનાર કે જીવનવ્યવહાર કરનાર મોટો લાભ મેળવે કે મોટા ખર્ચ કે નુકસાનીમાંથી બચે એમાં એ પોતાનો મહિમા માને, પોતે તેમાં આનંદ અનુભવે, પોતે પોતાને માન મળેલું સમજે.

અને આપણા દીવાથી અનેક દીવા પ્રકટે તેમાં આપણને નુકશાન શું ? આપણો દીવો તો સાબૂત રહ્યો અને આપણી સંપત્તિ કાયમ રહી, તેની હૂંફમાં બીજા રળી જાય કે નામના મેળવે ત્યારે જો આપણને તેના ઉત્કર્ષ માટે ઇર્ષ્યા આવે તો સમજવું કે આપણે સુયુક્ત વ્યવહારના એકડા પણ સમજ્યા નથી. ધન, માન, કીર્તિ અનેક કારણોને આધીન છે, આપણે તેમાં **સહકાર, સહચાર, સલાહ** કે પૂર્તિ કરીએ તો તેમાં આપણને આનંદ જ થવો ઘટે, છતાં કોઇ વાર આપણે દીવે પોતાનો દીવો કરનાર તરફ તેજોદ્વેષ થઇ જાય તો સમજવું કે આપણે હજુ સૃષ્ટિક્રમ સમજ્યા નથી. પોતાથી શિષ્ય સવાયો થાય, પુત્ર દોઢો થાય, સલાહ લેનાર લાખો મેળવે–એ વૃત્તિ જે કેળવી શકે, જે પારકાના અભ્યુદયમાં રાચે તે સાચો સજ્જન જાણવો, દુનિયામાં માન, કીર્તિ કે ધનનો અલ્પભાવ નથી કે અન્યની ચઢતી જોઇ બળી મરવાનું કાંઈ પણ કારણ હોય, અને તેમાં પણ જે આપણાથી વધ્યો હોય તેને માટે તો ખૂબ સંતોષ રાખવો ઘટે. એની આબરૂ એ આપણી આબરૂ છે, એના વૈભવ તરફ પ્રેમભાવ એ આપણું કર્તવ્ય છે; માટે દેવાય તેટલું દો, અપાય તેટલું આપો. જ્ઞાનદાન કે ધનદાનમાં અલ્પતા ન સેવો અને બીજાને એનાથી વધતા જોઇ ખૂબ ગૌરવ માનો. આપણો દીવો સાબૂત છે તો આપણને તો બેવડો આનંદ ખરી રીતે મળવો જ જોઇએ. કુશળ માણસ પોતાના આશ્રિતની પ્રગતિ આ રીતે નિહાળે.

---

One Taper lights a thousand, Yet shines as it has shone;
And the humblest light may kindle, A brighter than its own.

Hazekiah Butterworth (29-10-43)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨૯૩ )

**સારામાં સારો માણસ દરેક પ્રયાસમાં સાધારણ ભલું કરી શકે, પણ એમ લાગે છે કે તદ્દન નકામી તિરસ્કરણીય વ્યકિતની સત્તામાં ન ગણી શકાય તેટલું નુકસાન કરવાની તાકાત હોય છે.**

**માણસ** કોઇ પ્રયત્ન કરે, કાર્ય કરે કે કામ ચલાવે તેમાં સારું કે ખરાબ કરવાની તાકાત જરૂર હોય છે. દરેક ક્રિયા ફળવતી છે, પણ ફળ બે પ્રકારનાં હોય છે. સારાં અથવા માઠાં; કડવાં અથવા મીઠાં; ઇષ્ટ અથવા અનિષ્ટ.

સારામાં સારો, ભલામાં ભલો, પ્રમાણિકમાં પ્રમાણિક સાધુ, સંત કે ત્યાગી કે સેવક હોય તે સારામાં સારું કામ કરે તો તેનું ફળ મધ્યમ પ્રકારનું હોય છે, તે દુનિયાને કે સામાને મધ્યમ લાભ આપી શકે, તે દુઃખ દારિદ્ર અમુક સંખ્યાના કે અમુક મર્યાદાના દૂર કરી શકે. દરેક દાતાની રાહત ને મર્યાદા છે, દરેક સેવકના કાર્યને દેશકાળની મર્યાદા છે, દરેક ઉપકારીને ક્ષેત્રની મર્યાદા છે. આવી રીતે ગમે તેટલું સારું કામ કરવામાં આવે તો તેથી ઓછોવત્તો લાભ કરી શકાય છે, પણ તેને હદ છે, તેને મર્યાદા છે, તેને બંધન છે, તેનો છેડો છે.

જ્યારે ખરાબ કામના ભયંકર પરિણામને હદ નથી, બંધન નથી, છેડો નથી. એની પરંપરામાં તો દેશ છિન્નભિન્ન થઇ જાય, સંસ્થાઓના ભુક્કા નીકળી જાય, મર્યાદાઓનો લોપ જાય. એ માણસને જનાવર બનાવી શકે, એ ઉચ્ચગામીને નીચે પટકી આવે, એ આબરૂદારને કાળો શ્યામ બનાવી મૂકે, એ દેશને પ્રજાને ધૂળ ચાટતો કરી શકે. ખરાબ કામ કરવાની શક્તિ તો અધમાધમ માણસમાં પણ હોય છે અને એ જ્યારે કામ કરવા લાગી જાય ત્યારે ન ગણી શકાય તેવાં ભયંકર પરિણામો નીપજાવી શકે, એ આફતના સમુદ્રોને ખળભળાવી શકે, એ દુઃખપરંપરાની નદીઓ વહાવી શકે, એ અનેક યુગ સુધી ચાલે તેવી ભયંકર યાતનાઓને જન્માવી શકે અને પારાવાર ખળભળાટ, ગ્લાનિ, ત્રાસ, જુલમો અને દુઃખો ઉત્પન્ન કરી શકે.

અને દુઃખની વાત એ છે કે આવાં **ખરાબ કામ કરવાની શક્તિ તો નકામા માણસોમાં ખૂબ જમાયલી હોય છે**, એના હળવા મગજમાં એ અનેક તરકીબો રચી શકે છે, એ પાપના માર્ગો ઉઘાડા કરી શકે છે, એ ગરીબો પર ત્રાસ વર્તાવી શકે છે અને એ હજારો વર્ષ સુધી ચાલે તેવી પાપરચના પોષી શકે છે, જે ઘર બાંધતાં દશ પાંચ વર્ષ થાય તે અધમ માણસ એક બોંબથી આંખના પલકારા જેટલા સમયમાં તારાજ કરી શકે છે. સારા કામને મર્યાદા છે, ખરાબને માટે કાળ કે દેશ કોઇ આડો આવતો નથી. થોડું પણ સારું થાય તો જીવન સહેતુક છે, બાકી વારસામાં દુઃખપરંપરા કે ધમાલ મૂકી જવી એ થઇ શકે તેવી ચીજ છે, ગમે તે કરી શકે તેવી સાદી ચીજ છે, પણ એમાં બહાદુરી નથી, માણસાઇ નથી, સભ્યતા નથી, સૌજન્ય નથી. **મૌક્તિક**

With every exertion, the best of men can do but a moderate amount of good; but it seems in the power of most contemptible individual to do incalculable mischief.

**Woshington Irving. ( 15-6-42 ).**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠ શ્રી કાંતિલાલ પ્રતાપશીભાઇનો સ્વર્ગવાસ.

આપણા શ્રી જૈન સમાજના અગ્રગણ્ય અને ધર્મપરાયણ તથા આ સભાના માનવંતા પેટ્રન શેઠ શ્રી જીવતલાલ પ્રતાપસીના લઘુ બંધુ શેઠ કાંતિલાલ યુવાન વયે સ્વર્ગવાસી થયાની નોંધ લેતા અમને ઘણી દિલગીરી થાય છે. ભાઇશ્રી કાંતિલાલ નાની ઉમરમાં જ તેમના વડીલ બંધુ જીવાભાઈના હાથ નીચે મુંબઇમાં ધંધામાં જોડાયા હતા અને કુશલતા પ્રાપ્ત કરી હતી. પાછળથી તો તેમણે જીવાભાઇના માથેથી ધંધાનો ઘણો ભાર ઓછો કર્યો હતો, જેને પરિણામે જીવાભાઇએ ધંધામાંથી નિવૃત્તિ મેળવી છેલ્લા નવેક મહિનાથી પાલીતાણામાં સ્થિરતા કરી નમસ્કાર મહામંત્રના જાપનો યોગ સાધવો શરૂ કર્યો હતો. દૈવની ઇચ્છા જુદી જ હતી. એકાએક હૃદય બંધ પડી જવાથી સં. ૨૦૦૬ ના વૈશાક શુદ ૮ ના રોજ ભાઇશ્રી કાંતિલાલ મુંબઈમાં તેમના નિવાસસ્થાને સ્વર્ગવાસી થયા હતા. આવા અતિ દુઃખદ પ્રસંગે ધર્મી અને વિવેકી માણસે પ્રભુએ પ્રરૂપેલ સંસારની અસારતાનો વિચાર જ્ઞાનદૃષ્ટિએ પોતાના આત્માને શાંત કરવાનો રહે છે, અને કુટુંબના વડીલ તરીકે મરનારના પત્ની, બાળકો અને અન્ય કુટુંબી જનોને આશ્વાસન આપવાનું રહે છે.



શેઠશ્રી કાંતિલાલ પ્રતાપશીભાઈ

ભાઇશ્રી કાંતિલાલ વડીલબંધુ જીવાભાઈના દરેક ધર્મકાર્યમાં અને ધર્મ અનુષ્ઠાનમાં અંતઃકરણથી ભાગ લેતા હતા. હજારો રૂપિયા જીવાભાઇએ ધર્મકાર્યમાં ખર્ચ્યા તેમાં તેમની પુરેપૂરી સહાનુભૂતિ અને અનુમોદના હતી. જીવાભાઇ શેઠે સં. ૧૯૮૫ ની સાલમાં સિદ્ધગિરિનો સંઘ કાઢયો હતો તેમાં કાંતિભાઈ એક જોડીલા સંઘપતિ જેવા બિરાજતા હતા. સં. ૧૯૯૮ ની સાલમાં અંધેરીખાતે જે ધામધુમથી ઉપધાનની ક્રિયા થઇ તેમાં પોતે દાખલ થયા હતા અને ઉપધાન સમાપ્ત થતા દરરોજના સામાયિક આદિ ધર્મકાર્યમાં પ્રવૃત્ત રહેવાનો નિયમ પાળતા હતા.

આવા ધર્મનિષ્ઠ, વ્યવહારકુશલ લઘુબંધુના અકાલ મૃત્યુથી જીવાભાઇને શોક થાય તે સ્વાભાવિક છે, પણ માનવીનો બીજો ઉપાય નથી. ભાઇ કાંતિલાલની પાછલ દાન પૂન્યના કામમાં મોટી રકમ કાઢેલ છે. શ્રાવક શ્રાવિકા આદિ પ્રભુએ બતાવેલ દાન પૂન્યના સાત ક્ષેત્રોમાંથી જે ક્ષેત્ર સીદાતું હોય તેને પલ્લવિત કરવામાં આ રકમનો ભાગ વપરાય તે ઇચ્છવા યોગ્ય છે. સ્વર્ગસ્થના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના.

( ૧ ) " **વસુદેવ–હિંડી** "—પ્રકાશક શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર. ભાષાંતરકર્તા પ્રો. ભોગીલાલ જ. સાંડેસરા. કિંમત ૧૨–૮–૦

આ પુસ્તક અમારા સભાસદ શ્રી ચત્રભુજ જેચંદ શાહ, બી. એ. એલ.એલ. બી. તરફથી સભાને ભેટ મળેલ છે. ભાઇશ્રી ચત્રભુજનો તે માટે આભાર માનવામાં આવે છે. જૈન કથાનકોમાં વસુદેવ–હિંડી એક વિશિષ્ટ કોટીનો ગ્રંથ છે. આ ગ્રંથની કિંમત તેના કથાનકની વસ્તુમાં છે તેના કરતાં પણ વિશેષ ઐતિહાસિક, ભૌગલિક અને ભાષાની દષ્ટિએ છે. ગ્રંથ લગભગ છઠ્ઠા સાતમા વિક્રમ સૈકાનો છે. તે વખતની બોલાતી પ્રાકૃત ભાષામાં લખાયેલ છે. એટલે આપણી હાલની ગુજરાતી વિગેરે ભાષાઓ જેમાંથી ઉત્પન્ન થઇ તે મૂળ પ્રાકૃત ભાષાનું આ ગ્રંથમાં દિગ્દર્શન થાય છે, માટે ભાષાશાસ્ત્રીઓને ઘણો ઉપયોગી ગ્રંથ છે. તે સાથે તે સમયના દેશકાળનું પણ આપણને સહજ ભાન કરાવે છે. તે સમયમાં કયા કયા દેશો કયા કયા શહેરો જાણીતા હતા, લોકોના રીતરિવાજ કેવા હતા, તે વખતે ભારતમાં વ્યાપાર ઉદ્યોગ કેવા પ્રકારનો હતો, વિગેરે ઉપયોગી માહિતી આ પુસ્તક દ્વારા મળે છે. આવા ઉપયોગી ગ્રંથનો પ્રચાર જૈન અને જૈનેતર વિદ્વાનો અને ગૃહસ્થોમાં સહેલાઇથી થઇ શકે તે માટે સસ્તા સાહિત્ય કાર્યાલયના પ્રકાશન માર્ફત પુસ્તકો ઓછી કિંમતે વેચાય છે તેવી યોજના કરવી ઇષ્ટ જણાય છે.

( ૨ ) " **પ્રવચનકિરણાવલી** "—લેખક આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ. પ્રકાશક શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા–ઝીકાભટ્ટની પોળ, અમદાવાદ. કિંમત–અમૂલ્ય–ભેટ.

આ પુસ્તક ધર્મનિષ્ઠ શ્રેષ્ઠિવર્ય ભગુભાઇ ચુનીલાલ સુતરીયા તરફથી સભાને ભેટ મળેલ છે. લેખક આચાર્ય મહારાજશ્રી પદ્મસૂરિજીએ આ ગ્રંથમાં પીસ્તાલીશ આગમોનું દોહન કર્યું છે, અને દરેક આગમમાં કયા કયા વિષયો આવે છે, તેનો સવિસ્તર ઉલ્લેખ કર્યો છે. આગમ સાહિત્યના રસિકને માટે આ ગ્રંથ ઘણો ઉપયોગી છે. આપણા આચાર્ય મુનિમહારાજા પોતાનો સમય, જ્ઞાન, ધ્યાન અને પ્રકાશન માટે કાઢી આવા ઉપયોગી ગ્રંથો બહાર પાડે તે ઘણું સ્તુત્ય છે. તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે.

( ૩ ) " **જૈન તીર્થોનો ઈતિહાસ** "—લેખક મુનિરાજશ્રી ન્યાયવિજયજી ( ત્રિપુટી ) પ્રકાશક શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા—અમદાવાદ. કિંમત બાર રૂપિયા.

ભારત દેશમાં આવેલ તમામ જૈન તીર્થોનો ઇતિહાસ, સ્થળ વિગેરે વિગતો આ ગ્રંથમાં એકત્ર કરી આપવામાં આવેલ છે. લેખક મહારાજશ્રીએ ઘણો પરિશ્રમ ઉઠાવી ગ્રંથનું પ્રકાશન કરેલ છે. યાત્રાર્થીને ઘણો ઉપયોગી ગ્રંથ છે. આપણા પૂર્વજો તરફથી તીર્થોરૂપી કેટલો અમૂલ્ય વારસો આપણને મળેલ છે, તેનું દિગ્દર્શન આવા ગ્રંથથી થાય છે. આવા ગ્રંથોનો વિશેષ ફેલાવો થવા માટે ગ્રંથની કિંમત, ગ્રંથ છપામણના ખર્ચ ઉપર ન આંકતા સહાયક જૈન ગૃહસ્થોની ઉદારતા ઉપર રાખવી ઇષ્ટ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૪ ) " **યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી**--લેખકો જયભિખ્ખુ અને પાદરાકર. પ્રકાશક અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ-મુંબઇ. કિંમત રૂા. ૧૧)

જૈન સમાજમાં આધુનિક સમયમાં શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ એક મહાન યોગી અને વિદ્વાન ધર્મોપદેષ્ટા થઇ ગયા છે. આ ગ્રંથમાં ઘણો શ્રમ કરી તેઓશ્રીના જીવન વિશેની બધી યોગ્ય માહિતિઓ એકઠી કરી વિદ્વાન લેખકોના હાથથી ગ્રંથમાં ગુંથવામાં આવી છે. આવા પુસ્તકના અધ્યયનથી વાચકોને ઉચ્ચ જીવનની પ્રેરણા મળે છે. ગ્રંથમાં આચાર્ય મહારાજના, તેમના શિષ્યોના અને ભકતોના અનેક ફોટાઓ આપી પુસ્તકને સુશોભિત બનાવેલ છે. શ્રી બુદ્ધિસાગરજી મહારાજના ધનિક ભકતોએ અને અધ્યાત્મ જ્ઞાન પ્રસારક જેવા મંડળે આવા યોગનિષ્ઠ આચાર્ય મહારાજનું જીવન જેમ બને તેમ વિશેષ પ્રસિદ્ધિ પામે અને અનેક આત્માર્થી જીવોને ઉપયોગી થાય માટે આવા ગ્રંથોના છૂટે હાથે પ્રભાવના કરવી જોઇએ. છપામણના ખર્ચ સામું ન જોવું જોઇએ, બની શકે તો આપણા મંદિરોમાં જ્ઞાનખાતામાં જે મોટી રકમોનું દ્રવ્ય એકઠું થાય છે તેમાંથી ઉપયોગ કરી જેમ બને તેમ સસ્તી કિંમત રાખવી જોઇએ.

( ૫ ) " **યુગવીર આચાર્ય મહારાજ શ્રી વલ્લભસૂરિજી** "—ભાગ ૨ પ્રયોજક ફુલચંદ હરિચંદ દોશી; પ્રકાશક શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઇ, કિંમત રૂપિયા અઢી. બીજા ભાગમાં આચાર્ય મહારાજશ્રીની કથા સંવત ૧૯૮૧ થી ૨૦૦૨ સુધીની આપવામાં આવી છે. શ્રી મોતીચંદ ગિરધરલાલે આમુખ લખેલ છે. પુસ્તકમાં આચાર્ય મહારાજ તથા તેમના શિષ્યોના અને અનેક ધાર્મિક પ્રસંગોના ફોટાઓ આપી પુસ્તકને સુશોભિત કરેલ છે. આ સમયના આચાર્યશ્રીના જીવનની કથા ઘણી સુંદર અને રસમય ભાષામાં લખેલ છે.

( ૬ ) " **ગુજરાતનું પરમધન મુનિરાજ વિદ્યાવિજયજી** "—લેખક શ્રી મૂળજીભાઇ પીતાંબરદાસ શાહ, પ્રકાશક શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા કિંમત રૂા. ૭) પ્રાપ્તિસ્થાન શિવપુરી ( ગ્વાલીયર ). પુસ્તક ગુજરાતના લોકપ્રિય જાણીતા લેખક શ્રી મૂળજીભાઇના હાથથી લખાયેલ છે. મુનિરાજ વિદ્યાવિજયજી છેલ્લા બે ત્રણ દાયકામાં થયેલા પ્રસિદ્ધ જૈન મુનિમહારાજાઓમાં અગ્રસ્થાન ભોગવે છે. એક જૈન સંયમી સાધુ છતાં તેઓશ્રીનું જીવન લોકકલ્યાણ અને પરોપકારમાં વ્યતીત થયેલ છે. તેઓશ્રી દેશકાળને સમજનાર અને તે માટે સતત ઉપદેશ આપનાર છે. મહારાજશ્રીએ અમદાવાદ મુકામે સાધુ-સંમેલનમાં અગ્રગણ્ય ભાગ લઇ સંમેલનના નાવને કિનારે પહોંચાડવામાં જે કિમતી ફાળો આપ્યો હતો તે જૈન સમાજમાં જાણીતું છે. આખો ગ્રંથ વાંચવા વિચારવા જેવો છે અને જગતના પલટાતા દેશકાળમાં તેઓશ્રીની જીવનકથા પ્રેરણાદાયક છે.

( ૭ ) " Lord Mahavira "—**ભગવાન મહાવીર.** આ પુસ્તક ઇંગ્રેજી ભાષામાં બૂલચંદ એમ. એ. પીએચડી.ના હાથથી લખાયેલ છે. જૈન કલ્ચરલ રીસર્ચ સોસાયટી ( Jain Cultural Research Society ) બનારસ, હિંદુ યુનિવર્સીટી તરફથી છપાયેલ છે. કિંમત ૪-૮-૦ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મહાવીર ભગવાનનું જીવનચરિત્ર શોધખોળ અને ઐતિહાસિક દૃષ્ટિએ લખવાનો આ ગ્રંથમાં પૂરતો પ્રયાસ કર્યો છે. ચર્ચાત્મક વિષયોની જેવા કે ગર્ભસંક્રમણ, ભગવાન વિવાહિત કે કુમાર આદિ સવાલોની દિગંબર અને શ્વેતાંબર આમ્નાય પ્રમાણે ચર્ચા કરી અભિપ્રાય પણ આપેલ છે. શ્રી મહાવીર ભગવાનનું તુલનાત્મક અને ઐતિહાસિક દૃષ્ટિએ, એક કેળવાયેલ વિદ્વાન ગૃહસ્થના હાથથી લખાયેલ ગ્રંથ વાંચવા વિચારવા જેવો છે.

( ૮ ) Jain Views, Regarding Religious Charitable Trusts. ધર્માદા ટ્રસ્ટને અંગેના જૈન સિદ્ધાંતોનું અવલોકન કરવામાં આવેલું છે. લેખક શ્રી મોહનલાલ બી. ઝવેરી, પ્રકાશક શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ-મુંબઇ.

( ૯ ) ' **શ્રી પયન્ના સંગ્રહ** '—પ્રકાશક શેઠ ઝવેરચંદ રામાજી, નવસારી. આ પુસ્તકમાં ભક્ત પયન્નો, ચઉસરણ પયન્નો આદિ અંતઃસમયે આરાધના યોગ્ય છ પયન્ના અર્થ-સહિત આપવામાં આવ્યા છે. અને સાધ્વીજી હરકોરશ્રી તથા હિંમતશ્રીના ઉપદેશથી એકઠી થયેલ રકમમાંથી છપાવી વિના મૂલ્યે ભેટ આપવામાં આવે છે.

( ૧૦ ) " **सप्तभंगी-नयप्रदीपप्रकरण** " શ્રીમદ્ યશોવિજયગણિવિરચિત નય-પ્રદીપ ઉપર સંસ્કૃતમાં બાળબોધિની વિવૃતિ આ. શ્રી વિજયલાવણ્યસૂરિના વિદ્વાન હસ્તથી લખાયેલ છે. શ્રી વિજયનેમિસૂરિ ગ્રંથમાળા-અમદાવાદ તરફથી છપાયેલ છે. જૈનદર્શનના સ્યાદ્વાદ જેવા કઠિન તત્ત્વજ્ઞાનના અભ્યાસીને ઉપયોગી ગ્રંથ છે.

( ૧૧ ) " **श्रेयांसनाथ चरितम्** " સંસ્કૃતભાષામાં આચાર્ય શ્રી માનતુંગસૂરિ વિરચિત. શ્રી લબ્ધિસૂરિ જૈન ગ્રંથમાળા તરફથી પ્રતાકારે આ પુસ્તક છપાવેલ છે. કિંમત અમૂલ્ય દર્શાવેલ છે. પુસ્તકની રચના વિક્રમના ચૌદમા સૈકામાં થયેલ છે. આખું ચરિત્ર વાંચવા જેવું સુંદર ભાષામાં લખાયેલ છે. પુસ્તક છપાવવામાં, શુદ્ધ કરવામાં અને પ્રસ્તાવના લખવામાં સારો પ્રયાસ કર્યો જોવામાં આવે છે.

( ૧૨ ) " **सिरिजंबूसामिचरित्तं-प्राकृतम्** " આ ગ્રંથ પ્રતાકારે શ્રી વૃદ્ધિ-નેમિ-અમૃત ગ્રંથમાલામાં છપાયેલ છે. કિંમત રૂા. ૧-૪-૦ ગ્રંથની શરૂઆતમાં મુનિ-મહારાજશ્રી ધુરંધરવિજયજીએ પુસ્તકના કર્તા અને વિષય અંગે માહિતીપૂર્વક પ્રસ્તાવના લખેલ છે. આ પુસ્તકમાં શ્રી જંબૂસ્વામીના ચરિત્રની વિશેષતા દર્શાવેલ છે. વ્યાખ્યાન ઉપયોગી ગ્રંથ છે.

( ૧૩ ) ' **श्री पाक्षिक सूत्रम्** '—પ્રતાકાર. શ્રી વિજયભક્તિસૂરીશ્વર ગ્રંથમાળામાં છપાયેલ છે. ફક્ત શ્રાવકોના સહાયથી છપાયેલ હોઇ કિંમત રાખેલ નથી.

( ૧૪ ) " **જીવન અને જ્યોત** "—આ પુસ્તિકામાં સ્વ. શેઠશ્રી જાદવજી નરશીદાસ-નું ટુંકમાં જીવન આપેલ છે, અને પાછલા ભાગમાં કેટલાક લેખોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પ્રકાશક શ્રી છોટાલાલ નાનચંદ શાહ-ભાવનગર છે. આપબળે વધેલા અને દાનવીર તરીકે જાણીતા ભાઇ શ્રી જાદવજીભાઈનું જીવન વાંચવા અને અનુકરણ કરવા જેવું છે.

( ૧૫ ) **રાજનગરથી સમેતશિખર યાને કલ્યાણકભૂમિઓમાં પ્રવાસ**—લેખક શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, પ્રકાશક શ્રી ભારતીય જૈન સેવાસદન-મુંબઇ. મૂલ્ય બાર આના. લેખકે પોતે દરેક કલ્યાણક ભૂમિઓમાં પ્રવાસ કર્યો હોવાથી સાક્ષાત નજરે નીહાળેલા દૃશ્યોનું તથા અનુભવનું સુંદર વર્ણન કર્યું છે. તીર્થયાત્રાના રસિકે આ પુસ્તક વાંચવા જેવું તેમજ અનુભવી ભોમિયા તરીકે સાથે રાખવા જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

(૧૬) **પટ્ટાવલી સમુચ્ચય**—ભાગ બીજો-પુરવણીકાર મુનિરાજશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) સંપાદક મુનિશ્રી જ્ઞાનવિજયજી (ત્રિપુટી) પ્રકાશક-શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા-અમદાવાદ. મૂલ્ય રૂા દોઢ. ઇતિહાસપ્રેમી મુનિરાજ શ્રી દર્શનવિજયજી આવા સંશોધનના વિષયમાં સારો રસ લઇ સમાજને ઉપયોગી પુસ્તકોનું પ્રકાશન કરતા જ રહે છે. પહેલા આ પુસ્તકનો પહેલો ભાગ સંસ્કૃતમાં પ્રગટ થયેલ. વર્ષો બાદ આ બીજો ભાગ ગુજરાતી ભાષામાં પ્રગટ કરેલ છે, જેમાં ગુર્વાવલી તથા પટ્ટાવલી અને રાસ વિ. મળીને બાવીશ વિષયોનો સમાવેશ કરવામાં આવેલ છે. પ્રાંતે આપેલ પોણોસો પૃષ્ઠ જેટલી પૂરવણી ખાસ ધ્યાન ખેંચે છે. મુનિશ્રીનો પ્રયાસ પ્રશંસાપાત્ર છે.

(૧૭) **ક્ષત્રિયકુંડ**—લેખક ઉક્ત મુનિશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી). પ્રકાશક શ્રી પ્રાચ્ય વિદ્યાભવન-અમદાવાદ સભાને શાહ મોતીલાલ મોહનલાલ તરફથી ભેટ મળેલ છે. મૂલ્ય રૂપિયો એક. ક્ષત્રિયકુંડ સંબંધી ઐતિહાસિક સંકલના સુંદર રીતે કરી છે. ઇતિહાસ તથા પુરાતત્ત્વપ્રેમીઓએ ખાસ વાંચવા યોગ્ય ગ્રંથ છે.

શ્રીલબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા-ગારીયાધાર તરફથી નીચેની પુસ્તિકાઓ મળેલ છે.

(૧૮) **શ્રી જયગિરા કિરણાવલિ**—(સચિત્ર) રૂા. ૧-૪-૦ (૧૯) **શ્રી નેમિજિનેશ્વર પંચ કલ્યાણક પૂજા** તથા શ્રી નવપદજીની પૂજા (સચિત્ર) રૂા. ૦-૧૨-૦ (૨૦) **વિશ્વની વિભૂતિઓ** ૦-૩-૬, (૨૧) **પુણ્યની પળ** તથા **આશ્ચર્યની ઘડી** ૦-૭-૬ (૨૨) **ટુંકી ત્રણ વાર્તાઓ** તથા **કર્મનાં ફળ** ૦-૫-૦ (૨૩) **પ્રાચીન અર્વાચીન ગહુંલી સંગ્રહ** રૂા. ૧-૧૨-૬, (૨૪) **The Jain Notions of the soul** ૦-૨-૦

આ ગ્રંથમાળાના પ્રેરક અને પ્રાણભૂત **મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ** છે, જેઓ જૈન બાળ જગત માટે "ગુલાબ" નામનું માસિક કાઢે છે. તેઓશ્રી ઊગતા બાળકોમાં ધાર્મિક સંસ્કારનું સિંચન કરવા અતુલ પ્રયાસ કરી રહેલ છે. ઉપરની પુસ્તિકાઓમાં તેનું દર્શન થાય છે.

(૨૪) **હરિ-હેમ-પુષ્પમાળા**—સંપાદિકા સાધ્વી શ્રી પુષ્પાશ્રીજી. કિંમત રૂા. દોઢ. શ્રી નાગરદાસ પ્રાગજીભાઇ-અમદાવાદવાળા તરફથી ભેટ મળેલ છે.

(૨૫) **શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર**—પ્રકાશક મેઘજી હીરજી મુંબઇ. અભ્યાસ યોગ્ય ગ્રંથ છે. શુદ્ધિ સારી છે. (૨૬) **અનાનુપૂર્વી**—પ્રકાશક મેઘજી હીરજી મુંબઇ.

(૨૭) **જૈન બાળપોથી**—સંકલનાકાર હરિલાલ જૈન, પ્રાપ્તિસ્થાન જૈન સ્વાધ્યાય મંડળ-સોનગઢ. કિંમત ત્રણ આના,

(૨૮) **જિનવર જ્યોતિ અને સ્તવનો**—કર્તા સંગીતપ્રેમી ગણેશભાઇ પી. પરમાર. કિંમત સવા રૂપિયો.

(૨૯) **સુધાકર રત્નમંજૂષા**—સંપાદક મુનિશ્રી હંસસાગરજી મહારાજ, પ્રકાશક મોતીચંદ દીપચંદ-ઠળીયા. મૂલ્ય દશ આના. સંગ્રહ સારો છે.

(૩૦) **જૈન મતકા સ્વરૂપ**-લેખક. સ્વ. આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથાવલીના ૨૫ મા મણકા તરીકે પ્રસિદ્ધ થયેલ છે. પ્રકાશક ચંદુલાલ જમનાદાસ-છાણી.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only